સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 43

[OCTOBER - 2023]

[22/10/23 to 28/10/23]


સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)





JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**22 OCT-2023**

- દિવસ મહિમા : 22 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય ખચકાટ જાગૃતિ દિવસ ..... 02
- કચ્છના ધોરડોને મળ્યો 'બેસ્ટ ટુરિઝમ વિલેજ'નો દરજ્જો ..... 02
- જાદેરી નામકટ્ટીને GI ટેગ ..... 03
- QUESTION ANSWERS ..... 05

**23 OCT-2023**

- દિવસ મહિમા : 23 ઓક્ટોબર, વિશ્વ હિમ ચિત્તા દિવસ (International Snow Leopard Day) ..... 06
- ઓપરેશન ચક્ર-2 ..... 06
- ગગનયાન મિશન : ISROએ TV-D1 ટેસ્ટ ફ્લાઈટ સફળતાપૂર્વક લોન્ચ કરી ..... 06
- પલ્લીનો મેળો (ગાંધીનગર) ..... 08
- QUESTION ANSWERS ..... 09

**24 OCT-2023**

- દિવસ મહિમા : 24 ઓક્ટોબર, સંયુક્ત રાષ્ટ્ર દિવસ, વિશ્વ પોલિયો દિવસ, વિશ્વ વિકાસ માહિતી દિવસ ..... 10
- ભારતના પૂર્વ ક્રિકેટર શ્રી બિશનસિંહ બેદીનું નિધન ..... 11
- ઓડિશા અને ત્રિપુરાના નવા રાજ્યપાલ ..... 12
- દુર્ગા પૂજા ..... 15
- QUESTION ANSWERS ..... 17

**25 OCT-2023**

- Exercise Harimau Shakti 2023 ..... 18
- કસ્તુરી કોટન ભારત (Kasturi Cotton Bharat) ..... 18
- અમૃત કાલ વિઝન 2047 ..... 20
- QUESTION ANSWERS ..... 23

**26 OCT-2023**

- સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે 'પ્રોજેક્ટ ઉદ્ભવ' લોન્ચ કર્યો ..... 24
- BIMSTECના આગામી મહાસચિવ : શ્રી ઈન્દ્રમણિ પાંડે ..... 24
- International Migration Outlook 2023 ..... 25
- INS ઈમ્ફાલ ..... 27
- QUESTION ANSWERS ..... 29

**27 OCT-2023**

- દિવસ મહિમા : 27 ઓક્ટોબર, વિશ્વ ઓડિયોવિઝ્યુઅલ હેરિટેજ દિવસ, પાયદળ દિવસ (Infantry Day) ..... 30
- ચક્રવાત 'તેજ' (Tej) અને ચક્રવાત 'હમૂન' (Hamoon) ..... 30
- QUESTION ANSWERS ..... 36

**28 OCT-2023**

- દિવસ મહિમા : 28 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય એનિમેશન દિવસ (International Animation Day) ..... 37
- ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ (IMC) 2023 ..... 37
- પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી ..... 38
- QUESTION ANSWERS ..... 39

**ONLINE LINER** ..... 40

**QUESTION OF THIS WEEK** ..... 47


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 22 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય ખચકાટ જાગૃતિ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 ઓક્ટોબરના રોજ 'આંતરરાષ્ટ્રીય ખચકાટ જાગૃતિ દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે.




- જેને 'International Stuttering Awarness Day' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ બોલવામાં ખચકાટ અનુભવતા લોકો અથવા તો તોતડુ બોલતા લોકો અંગે જાગૃતિ ફેલાવવાનો છે.
- વર્ષ 1998થી દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

## કચ્છના ધોરડોને મળ્યો 'બેસ્ટ ટુરિઝમ વિલેજ'નો દરજ્જો



કચ્છના ધોરડોને યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO) દ્વારા 'બેસ્ટ ટુરિઝમ વિલેજ' અથવા 'શ્રેષ્ઠ પ્રવાસન ગામ'નો એવોર્ડ આપવામાં આવ્યો છે.

- ધોરડોને UNWTO દ્વારા 54 શ્રેષ્ઠ પ્રવાસન ગામોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે.
- ઉઝબેકિસ્તાનના સમરકંદમાં UNWTO દ્વારા આયોજિત બેસ્ટ ટુરિઝમ વિલેજ-2023 એવોર્ડ સમારોહમાં ધોરડોને આ ખિતાબ મળ્યો હતો.
- ધોરડો તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો, હસ્તકલા અને પ્રખ્યાત રણ ઉત્સવને કારણે એક લોકપ્રિય પ્રવાસન સ્થળ બની ગયું છે.
- UNWTO ચોક્કસ માપદંડોને પૂર્ણ કરતા ગામોને 'શ્રેષ્ઠ પ્રવાસન ગામ'નું બિરુદ આપે છે.
- તેના માપદંડોમાં ટકાઉ પ્રવાસનને પ્રોત્સાહન આપવું, સ્થાનિક સંસ્કૃતિ અને વારસાનું જતન કરવું, પ્રવાસીઓ માટે સલામત અને આવકારદાયક વાતાવરણ પૂરું પાડવું અને મુલાકાતીઓને અનુપમ અનુભવ પ્રદાન કરવાનો સમાવેશ થાય છે.
- વધુમાં ગામમાં સારી રીતે વિકસિત પર્યટન ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે અને જવાબદાર પ્રવાસન પ્રથાઓ પ્રત્યે તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

INSTITUTE FOR COMPETITIVE

## ધોરડો



ધોરડો ગામ કચ્છ જિલ્લામાં આવેલું છે.

- દર વર્ષે પ્રવાસન વિભાગ દ્વારા ધોરડો ખાતે કચ્છ રણોત્સવનું આયોજન કરવામાં આવે છે.
- દેશ–વિદેશમાંથી હજારો પ્રવાસીઓ આ સફેદ રણમાં રણોત્સવ માટે આવે છે.
- દર ચોમાસાની સિઝનમાં વરસાદને કારણે અહીં પાણી ભરાય છે અને આખો પટ નદીમાં પરિવર્તિત થયું હોય તેવું દૃશ્ય લાગે છે.
- આ પાણીનું બાષ્પીભવન થતા અહીં ધરતી પર મીઠાની ચાદર પથરાય છે અને સફેદ રણનો અદ્‌ભૂત નજારો જોવા મળે છે.
- આ રણોત્સવ પ્રવાસીઓમાં રાત્રી રોકાણનું વિશેષ આકર્ષણ ધરાવે છે.
- અહીં સ્થાનિક લોકનૃત્ય અને લોકકલાની ભવ્ય રજૂઆતો દ્વારા લોકોને મનોરંજન પૂરું પાડવામાં આવે છે.

**નોંધ :** ગુજરાત પ્રવાસન વિભાગના બ્રાન્ડ એમ્બેસેડર શ્રી અમિતાભ બચ્ચને કચ્છ માટે 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' એવું વિધાન આપ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## UNWTO

UNWTOનું પૂરું નામ 'United Nations World Tourism Organization' (સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંસ્થા) છે.

- તે જવાબદાર, ટકાઉ અને સાર્વત્રિક રીતે સુલભ પર્યટનના પ્રચાર માટે જવાબદાર સંયુક્ત રાષ્ટ્રની વિશિષ્ટ એજન્સી છે.
- તેની સ્થાપના વર્ષ 1975માં થઈ હતી.
- તે પ્રવાસન નીતિ મુદ્દાઓ માટે વૈશ્વિક મંચ તરીકે સેવા આપે છે અને પ્રવાસન માટે વૈશ્વિક નીતિશાસ્ત્રના સંહિતા અમલીકરણને પ્રોત્સાહિત કરે છે.
- તેનું મુખ્ય મથક સ્પેનના મેડ્રિડમાં આવેલું છે.

## જાદેરી નામકટ્ટીને GI ટેગ

તાજેતરમાં જાદેરી નામકટ્ટી (અથવા જાડેરી નામકટ્ટી)ને GI ટેગ આપવામાં આવ્યો છે.

- જાદેરી અથવા જાડેરી એ તમિલનાડુના તિરુવન્નામલાઈ જિલ્લાનું એક નાનકડું ગામ છે.

- જાદેરી નામકટ્ટી એક પ્રકારની માટીની લાકડી છે જે સફેદ રંગની હોય છે. જાદેરી ગામના લોકો તેને બનાવે છે.
- તે સામાન્ય રીતે આંગળી જેવા આકારમાં સરળ રચના સાથે ઉપલબ્ધ હોય છે.
- તે હાઈડ્રોસ સિલિકેટ ખનિજોના ભરપૂર ભંડારમાંથી બનાવવામાં આવે છે.
- માટીને પ્રોસેસ કરીને આંગળી જેવી રચનામાં આકાર આપવામાં આવે છે.
- તે નોંધપાત્ર સાંસ્કૃતિક મૂલ્યો ધરાવે છે અને તેનો પરંપરાગત રીતે વિવિધ હેતુઓ માટે ઉપયોગ થાય છે.



- તેનો ઉપયોગ મુખ્યત્વે ધાર્મિક વિધિઓ અને ધાર્મિક વિધિઓમાં મૂર્તિઓ, પુરુષો અને મંદિરના હાથીઓના કપાળને શણગારવા માટે થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




અત્યારે જ iceonline App ડાઉનલોડ કરો
Google Play | App Store
93773-01110 (10:00am to 6:00pm)
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** 'આંતરરાષ્ટ્રીય ખચકાટ જાગૃતિ દિવસ' અથવા તો 'International Stuttering Awareness Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 ઓક્ટોબર (B) 20 ઓક્ટોબર (C) 21 ઓક્ટોબર (D) 22 ઓક્ટોબર **(D)**

**2.** યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO) દ્વારા નીચેના પૈકી કયા ગામને 'બેસ્ટ ટુરિઝમ વિલેજ'નો એવોર્ડ આપ્યો છે ?

(A) ધોરડો, કચ્છ (ગુજરાત) (B) ચિન્નાપટ્ટુકડુ, તમિલનાડુ

(C) રાજસમંદ, રાજસ્થાન (D) મંડુ, મધ્યપ્રદેશ **(A)**

**3.** UNWTO વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે જવાબદાર, ટકાઉ અને પ્રવાસનના પ્રચાર માટે જવાબદાર સંયુક્ત રાષ્ટ્રની વિશિષ્ટ એજન્સી છે.
2. તેની સ્થાપના વર્ષ 1975માં થઈ હતી.
3. તેનું મુખ્ય મથક સ્પેનના મેડ્રિડમાં આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો ?

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

**4.** તાજેતરમાં જાદેરી અથવા જાડેરી નામકટ્ટીને GI ટેગ આપવામાં આવ્યો છે. તે કયા રાજ્ય સાથે સંબંધિત છે ?

(A) મહારાષ્ટ્ર (B) તમિલનાડુ (C) કર્ણાટક (D) કેરળ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 ઓક્ટોબર, વિશ્વ હિમ ચિત્તા દિવસ (International Snow Leopard Day)

## ઓપરેશન ચક્ર-2

તાજેતરમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ દેશભરમાં 76 સ્થળોએ સર્ચ કરીને સાયબર ગુનેગારો પર મોટી કાર્યવાહી શરૂ કરી હતી.

- જેને 'ઓપરેશન ચક્ર-2' તરીકે ઓળખવામાં આવે છે.
- ઓપરેશન ચક્ર-2 તરીકે ઓળખાતી આ કામગીરી 100 કરોડના ક્રિપ્ટો કૌભાંડ સહિત–સક્ષમ નાણાકીય છેતરપિંડીના પાંચ અલગ–અલગ કેસ નોંધાયા પછી શરૂ કરવામાં આવી હતી.
- તપાસ હેઠળના કેસોમાંના એકમાં ક્રિપ્ટોકરન્સી ફ્રોડ સ્કીમ સામેલ છે જેના પરિણામે ભારતીય પીડિતોને 100 કરોડથી વધુનું નુકસાન થયું હતું.
- CBIએ જણાવ્યું કે ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા આપવામાં આવેલા મહત્ત્વપૂર્ણ ઈનપુટ્સના આધારે કેસ નોંધવામાં આવ્યા હતા.
- આ ઉપરાંત એમેઝોન અને માઈક્રોસોફ્ટની ફરિયાદોને આધારે બે કેસ નોંધવામાં આવ્યા હતા, જ્યાં આરોપી વિદેશી નાગરિકોને નિશાન બનાવવા માટે આ કંપનીઓના ટેક્નિકલ સપોર્ટ પ્રતિનિધિઓનો ઢોંગ કરીને કોલ સેન્ટર ચલાવતા હતા.
- ઓપરેશન ચક્ર-2ના ભાગરૂપે સાયબર છેતરપિંડીની પ્રવૃત્તિમાં સંડોવાયેલા નવ કોલ સેન્ટર પર આ સર્ચ હાથ ધર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગગનયાન મિશન : ISROએ TV-D1 ટેસ્ટ ફલાઈટ સફળતાપૂર્વક લોન્ચ કરી



ISRO દ્વારા 21 ઓક્ટોબર, 2023ના રોજ ગગનયાન મિશનના પ્રથમ તબક્કામાં ક્રૂ એસ્કેપ મોડ્યુલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

- આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતેથી સવારે 10 વાગ્યે ટેસ્ટ વ્હીકલ એબોર્ટ મિશન-1 (TV-D1)નું સફળ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.
- આ મિશન 8.8 મિનિટનું હતું જેમાં ક્રૂ એસ્કેપ મોડ્યૂલ આકાશમાં 17 કિ.મી. ઉપર ગયા પછી સતીશ ધવન સ્પેસ સેન્ટરથી 10 કિ.મી. દૂર બંગાળની ખાડીમાં ક્રૂ મોડ્યુલને સફળતાથી ઉતારવામાં આવ્યું હતું.

- રોકેટમાં જો કાંઈ ગરબડ થાય કે ટેક્નિકલ ખામી સર્જાય તો તેમાં રહેલા અવકાશયાત્રીઓને સલામત રીતે પૃથ્વી પર સુરક્ષિત પાછા લાવવા માટેની આ સિસ્ટમનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું.
- ટેસ્ટ ફ્લાઈટ ત્રણ હિસ્સામાં હતી, જેમાં ઓબોર્ટ મિશન માટે બનાવવામાં આવેલા સિંગલ સ્ટેજ લિક્વિડ રોકેટ, ક્રૂ મોડ્યૂલ અને ક્રૂ એસ્કેપનો સમાવેશ થાય છે.

## ગગનયાન મિશન

ગગનયાન એ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)નું એક મિશન છે.

- ગગનયાન મિશન એ 400 કિ.મી. ભ્રમણકક્ષામાં માનવ ક્રૂને પ્રક્ષેપિત કરીને અને તેમને સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા લાવીને ઈસરોની માનવ અવકાશ ઉડાન ક્ષમતાનું પ્રદર્શન કરવા માટેનું એક મિશન છે.
- ઈસરોનું ગગનયાન મિશન જો સફળ રહેશે તો અમેરિકા, ચીન અને અગાઉના સોવિયેત સંઘ પછી ભારત માનવયુક્ત ઉડ્ડયનો સંચાલિત કરવાવાળો ચોથો દેશ બની જશે.
- મિશન ગગનયાનનું પ્રાથમિક લક્ષ્ય માનવ રહિત અંતરિક્ષયાન અંતરિક્ષમાં મોકલીને તેને સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત લાવવાનું છે.
- ઈસરો દ્વારા વિકસાવવામાં આવેલ આ અવકાશયાનમાં એક સર્વિસ મોડ્યુલ અને ક્રૂ મોડ્યુલનો સમાવેશ થાય છે, જેને સામૂહિક રીતે ઓર્બિટલ મોડ્યુલ તરીકે ઓળખવામાં આવે છે.
- ગગનયાન મિશનને લોન્ચ કરવા માટે માનવ–રેટેડ LVM-3 રોકેટનો ઉપયોગ કરવામાં આવશે.

## ક્રૂ એસ્કેપ મોડ્યુલ શું છે ?

ઉડાન ભરતી વખતે જો મિશનમાં કોઈ ખામી સર્જાય તો આ સિસ્ટમ ક્રૂ મોડ્યુલ સાથે યાનથી અલગ થઈ જશે અને થોડા સમય માટે આકાશમાં ઉડતું રહેશે.

- ત્યારબાદ તેને શ્રીહરિકોટાથી 10 કિ.મી. દૂર સમુદ્રમાં ઉતારવામાં આવશે.
- જેમાં રહેલા અંતરિક્ષયાત્રીઓને નૌકાદળ દ્વારા દરિયામાંથી સુરક્ષિત પાછા લાવવામાં આવશે.


નોંધ : (1) ગગનયાન મિશન માટે અવકાશયાત્રીને તાલીમ આપવા માટે જૂન 2019માં ISROના હ્યુમન સ્પેસ ફ્લાઈટ સેન્ટર અને રશિયન સરકારી માલિકીની ગ્લાવકોસમોસે તાલીમ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં ઉમેદવારોની પસંદગી, તેમની તબીબી તપાસ અને અવકાશ તાલીમમાં રશિયન સમર્થનનો સમાવેશ થાય છે.

(2) ગગનયાન પ્રોજેક્ટનો અંતિમ ઉદ્દેશ્ય 3 સભ્યોના ક્રૂને 3 દિવસના મિશન માટે 400 કિ.મી.ની ભ્રમણકક્ષામાં પ્રક્ષેપિત કરીને માનવ અવકાશ ઉડાન ક્ષમતા દર્શાવવાનો છે.

## પલ્લીનો મેળો (ગાંધીનગર)

તાજેતરમાં પલ્લીનો મેળો આસો સુદ નોમના દિવસે ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામમાં ભરાયો હતો.

### પલ્લીનો મેળો



- સમય : આસો સુદ નોમ
- પલ્લીનો મેળો ગાંધીનગર જિલ્લાના રૂપાલમાં ભરાય છે.
- રૂપાલમાં વરદાયિની માતાજીની પલ્લી ભરાય છે. જેમાં માતાજીની માંડવી પર શુદ્ધ ઘી ચડાવવામાં આવે છે.
- ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામમાં આવેલા વરદાયિની માતાના મંદિરે આસો સુદ નોમના દિવસે પલ્લી મહોત્સવ ઊજવાય છે.
- પલ્લી મહોત્સવ એ પંચબલિની પૂજા સૂચવે છે. ધાર્મિક એકતા અને અસ્પૃશ્યતા નિવારણની આલબેલ પોકારતા પલ્લીના ઉત્સવની વિધિ પણ અનોખી છે.
- આસો સુદ આઠમની રાતે અનુસૂચિત જાતિના લોકો શમી વૃક્ષનું લાકડુ લાવે છે. સુથાર તેમાંથી પલ્લી (લાકડાનો રથ) બનાવે છે. વાળંદ પલ્લીને સોટા બાંધે છે. કુંભાર આવીને એના પર કૂંડાં છાંદે છે. વહોરાઓ કૂંડામાં કપાસિયા પૂરે છે.
- તથા બ્રહ્મણો નવચંડી યજ્ઞ કરે છે. પાંચ કૂંડામાં પ્રગટાવેલી પલ્લી ખંભે ઊંચકીને ભાવિક ભક્તો ગામમાં ફરે છે.
- પલ્લીના મેળામાં લગભગ 10 લાખ જેટલા ભાવિકો આવે છે.
- આ મેળામાં શુદ્ધ 'ઘી'નો અભિષેક કરવાની જૂની પરંપરા છે, જેમાં લગભગ 4 લાખ કિલોથી વધુ 'ઘી'નો અભિષેક કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'International Snow Leopard Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 ઓક્ટોબર (B) 24 ઓક્ટોબર (C) 25 ઓક્ટોબર (D) 26 ઓક્ટોબર **(A)**

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ઓપરેશન ચક્ર-2' નીચેનામાંથી કોની સાથે સંબંધિત છે ?

(A) ભારતીય નૌસેના દ્વારા યોજવામાં આવેલ દરિયાઈ કવાયત

(B) અરબસાગર અને બંગાળની ખાડીના દરિયા કિનારે યોજવામાં આવેલ કાચબા બચાવ અભિયાન

(C) CBI દ્વારા દેશભરમાં સાયબર ગુનેગારોને પકડવા માટેની કાર્યવાહી

(D) IMD દ્વારા વિકસિત હવામાન સંબંધિત પૂર્વ આગાહી કરવા માટેનું સોફ્ટવેર **(C)**

3. તાજેતરમાં ISROએ TV-D1 ટેસ્ટ ફ્લાઈટનું સફળ પરીક્ષણ કર્યુ હતું. તે કયા મિશન સાથે સંબંધિત છે ?

(A) ગગનયાન મિશન (B) મંગળ મિશન

(C) આદિત્ય L-1 મિશન (D) વેન્યુસ મિશન **(A)**

4. તાજેતરમાં ગાંધીનગર જિલ્લામાં પ્રસિદ્ધ 'પલ્લીનો મેળો' ભરાયો હતો તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પલ્લીનો મેળો ગાંધીનગર જિલ્લાના રૂપાલમાં ભરાય છે.
2. આ મેળો આસો સુદ નોમના દિવસે ભરાય છે.
3. આ મેળામાં વરદાયિની માતાજીની પલ્લી ભરાય છે જેમાં માતાજીની માંડવી પર શુદ્ધ ઘી ચડાવવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 24 ઓક્ટોબર, (1) સંયુક્ત રાષ્ટ્ર દિવસ (United Nations Day)**
**(2) વિશ્વ પોલિયો દિવસ (World Polio Day)**
**(3) વિશ્વ વિકાસ માહિતી દિવસ (World Development Information Day)**

## સંયુક્ત રાષ્ટ્ર દિવસ




દર વર્ષે 24 ઓક્ટોબરના દિવસને 'સંયુક્ત રાષ્ટ્ર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- આ દિવસના રોજ 'સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર' અમલમાં આવ્યું હતું.
- સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર (UN Charter) એ સંયુક્ત રાષ્ટ્રની સ્થાપનાનું દસ્તાવેજ છે.
- આ દસ્તાવેજ પર 26 જૂન, 1945ના રોજ સાન ફ્રાન્સિસ્કોમાં આંતરરાષ્ટ્રીય સંગઠનના યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સના સમાપન પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- જે 24 ઓક્ટોબર, 1945ના રોજ અમલમાં આવ્યું હતું.
- આથી આ દિવસની યાદમાં દર વર્ષે 24 ઓક્ટોબરના રોજ 'સંયુક્ત રાષ્ટ્ર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

## વિશ્વ પોલિયો દિવસ




પોલિયો રસીકરણ અને પોલિયો નાબૂદી અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 24 ઓક્ટોબરે 'વિશ્વ પોલિયો દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની શરૂઆત એક દાયકા પહેલા રોટરી ઈન્ટરનેશનલ દ્વારા જોનાસ સાલ્કની જન્મજંયતિ નિમિત્તે કરવામાં આવી હતી.
- જેમણે પોલિયો અથવા પોલિયોમેલિટિસ સામે રસી વિકસાવવા માટે નેતૃત્વ કર્યુ હતું.
- ગ્લોબલ પોલિયો ઈરેડિકેશન ઈનિશિયેટિવ (GPEI) દ્વારા વૈશ્વિક સ્તરે રોગની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

# ભારતના પૂર્વ ક્રિકેટર શ્રી બિશનસિંહ બેદીનું નિધન

ભારતના ભૂતપૂર્વ સુકાની તથા લિજેન્ડ્રી સ્પિનર શ્રી બિશનસિંહ બેદીનું તાજેતરમાં 77 વર્ષની વયે નિધન થયું છે.

## શ્રી બિશનસિંહ બેદી



શ્રી બિશનસિંહ બેદીનો જન્મ 25 સપ્ટેમ્બર, 1946ના રોજ પંજાબના અમૃતસર ખાતે થયો હતો.

- શ્રી બિશનસિંહ બેદીએ ભારત માટે 67 ટેસ્ટ મેચ રમી હતી.
- જેમાં તેમણે 266 વિકેટ ઝડપી હતી. તથા 656 રન બનાવ્યા હતા.
- આ ઉપરાંત તેમણે 10 વન–ડે ઈન્ટરનેશનલ મેચમાં સાત વિકેટ ઝડપી હતી.
- તેઓ ભારતની જાણીતી સ્પિન ચોકડીનો ભાગ હતા.
- આ ચોકડીમાં શ્રી બિશનસિંહ બેદી ઉપરાંત શ્રી ઈરાપલ્લી પ્રસન્ના, શ્રી શ્રીનિવાસ વેંકટરાઘવન અને શ્રી ભાગવત ચંદ્રશેખર હતા. આ ચારેય ખેલાડીએ મળી 231 ટેસ્ટ રમી 853 વિકેટ લીધી હતી.
- 1975ના વર્લ્ડ કપની મેચમાં તેમણે પૂર્વ આફ્રિકા સામે 12 ઓવરમાં આઠ મેડન નાખી માત્ર છ રન આપીને એક વિકેટ હાંસલ કરી હતી.
- તેમણે પ્રથમ ટેસ્ટ વેસ્ટ ઈન્ડિઝ સામે તથા અંતિમ ટેસ્ટ ઈંગ્લેન્ડ સામે રમી હતી.
- તથા પ્રથમ વન–ડે મેચ ઈંગ્લેન્ડ સામે અને અંતિમ વન–ડે મેચ શ્રીલંકા સામે રમી હતી.
- શ્રી બિશનસિંહ બેદી ડોમેસ્ટિક ક્રિકેટમાં દિલ્હી તરફથી રમ્યા હતા અને 370 ડોમેસ્ટિક મેચોમાં 1560 વિકેટ ઝડપી હતી.
- તેમણે દિલ્હીને 1978-79 તથા 1979-80ના વર્ષમાં સતત બે વખત રણજી ચેમ્પિયન બનાવી હતી.
- તેમને વર્ષ 1970માં પદ્મશ્રી પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓડિશા અને ત્રિપુરાના નવા રાજ્યપાલ

તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતિ દ્રૌપદી મુર્મુએ ઓડિશા અને ત્રિપુરા રાજ્યમાં રાજ્યપાલની નિમણૂક કરી છે.

### ઓડિશાના નવા રાજ્યપાલ

- ઓડિશાના નવા રાજ્યપાલ તરીકે ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી <u>શ્રી રઘુબર દાસ</u>ની નિમણૂક કરવામાં આવી છે.
- શ્રી રઘુબર દાસે <u>2014 થી 2019</u> સુધી ઝારખંડના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.
- હાલમાં તેઓ ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ છે.



### ત્રિપુરાના નવા રાજ્યપાલ

- ત્રિપુરાના નવા રાજ્યપાલ તરીકે <u>શ્રી ઈન્દ્ર સેના રેડ્ડી નલ્લુ</u>ની નિમણૂક કરવામાં આવી છે.
- તેઓ ત્રણ વખતના ધારાસભ્ય અને તેલંગાણાના ભાજપના અગ્રણી નેતા છે.
- તેઓ અગાઉ ભાજપના રાષ્ટ્રીય સચિવનું પદ સંભાળતા હતા.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### રાજ્યપાલ વિશે બંધારણીય જોગવાઈ

#### રાજ્યપાલની નિમણૂક (Appoinment of The Governor)

ભારતીય બંધારણના <u>અનુચ્છેદ–155</u> મુજબ રાજ્યના રાજ્યપાલને રાષ્ટ્રપતિ પોતાની સહી સિક્કાવાળા આદેશપત્રથી નિમણૂક કરે છે.

- જેવી રીતે કેન્દ્રીય શાસન વ્યવસ્થાનું સૌથી મહત્વપૂર્ણ અંગ '<u>રાષ્ટ્રપતિ</u>' છે. તેવી જ રીતે રાજ્યનું મહત્ત્વપૂર્ણ પદ એટલે <u>રાજ્યપાલ</u>.
- રાજ્યપાલ એ રાજ્ય વિધાનમંડળના સભ્ય નથી પરંતુ રાજ્ય વિધાનમંડળના અભિન્ન અંગ છે.
- મૂળ બંધારણના <u>અનુચ્છેદ– 153</u>માં રાજ્યના એક રાજ્યપાલ રહેશે.
- પરંતુ <u>7 મા બંધારણીય સુધારા અધિનિયમ, 1956</u> દ્વારા તેમાં ઉમેરવામાં આવ્યું કે કોઈ એક જ વ્યક્તિને બે અથવા વધુ રાજ્યોના રાજ્યપાલ બનાવી શકાય છે.
- ભારતમાં રાજ્યપાલની નિમણૂકની પ્રક્રિયા <u>કેનેડાના</u> બંધારણમાંથી લેવાયેલ છે. જ્યારે રાજ્યપાલનો કાર્યકાળ <u>ભારત સરકાર અધિનિયમ, 1935</u>માંથી લેવામાં આવ્યો છે.

## રાજ્યપાલનો કાર્યકાળ (Term of Office)

ભારતીય બંધારણના અનુચ્છેદ–156માં રાજ્યપાલના પદના કાર્યકાળ સંબંધિત જોગવાઈઓ કરવામાં આવી છે. જે અંતર્ગત મુખ્ય ત્રણ બાબતો સૂચવવામાં આવી છે :

(a) રાજ્યપાલ રાષ્ટ્રપતિની મરજી સુધી પોતાના પદ પર રહી શકે છે.

(b) સામાન્ય રીતે રાજ્યપાલ 5 વર્ષ સુધી પોતાના પદ પર રહી શકે છે અને જો કાર્યકાળ પૂરો થઈ ગયો હોય તો જ્યાં સુધી નવા રાજ્યપાલ કાર્યભાર ન સંભાળે ત્યાં સુધી પોતાના પદ પર રહે છે.

(c) જો રાજ્યપાલ પોતાની ઈચ્છાથી પદ મુક્ત થવા માગતા હોય તો તે પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને આપી શકે.

- રાજ્યપાલનું પદ એ રાષ્ટ્રપતિની મરજી અંતર્ગતનું પદ છે. જેનો અર્થ એ થાય છે કે 5 વર્ષનો કાર્યકાળ પૂરો થયા બાદ રાષ્ટ્રપતિ તે રાજ્યપાલને તે જ રાજ્યના કે અન્ય રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરી શકે છે. રાષ્ટ્રપતિ ઈચ્છે તો કાર્યકાળ પૂરો થાય તે પહેલા પણ અન્ય રાજ્યમાં બદલી કરી શકે છે.
- અહીં એ ખાસ યાદ રાખવું કે રાષ્ટ્રપતિની મરજીનો વાસ્તવિક અર્થ મંત્રીપરિષદની મરજી સુધી થાય કારણ કે રાજ્યપાલને પદ પરથી દૂર કરવાની સત્તાનો ઉપયોગ રાષ્ટ્રપતિ માત્ર મંત્રીપરિષદની સલાહથી જ કરી શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યપાલ બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણના અનુચ્છેદ–157 અનુસાર જો કોઈ વ્યક્તિ નીચે મુજબની લાયકાત ધરાવતા હોય તો તે રાજ્યપાલ બની શકે છે.

**રાજ્યપાલ બનવા માટેની લાયકાત**
- ભારતના નાગરિક હોવા જોઈએ
- તે વ્યક્તિ સંસદના કે રાજ્ય વિધાનમંડળના કોઈપણ ગૃહના સભ્ય હોવા જોઈએ નહીં
- 35 વર્ષથી વધુ ઉંમર હોવી જોઈએ
- કેન્દ્ર કે રાજ્ય સરકાર અંતર્ગતની સેવાઓમાં લાભનું પદ ધરાવતા ન હોવા જોઈએ

## રાજ્યપાલના વેતન અને ભથ્થા

ભારતીય બંધારણના અનુચ્છેદ–158મા રાજ્યપાલને મળવા પાત્ર વેતન અને અન્ય લાભો વિશેની જોગવાઈઓ કરવામાં આવી છે :

- રાજ્યપાલને વેતન, ભથ્થા અને વિશેષાધિકાર દેશની સંસદ કાયદા દ્વારા નક્કી કરે તે પ્રમાણે મળશે. હાલમાં રાજ્યપાલનું વેતન 3 લાખ 50 હજાર રૂપિયા પ્રતિમાસ છે.
- જો કોઈ વ્યક્તિની બે કે તેથી વધુ રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવે તો તેમને રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવતાં વેતન અને ભથ્થા મળશે.
- રાજ્યપાલને જે સરકારી આવાસ આપવામાં આવે છે. તે 'રાજભવન' તરીકે ઓળખાય છે.

## શપથ

- ભારતીય બંધારણના અનુચ્છેદ– 159 મુજબ રાજ્યપાલે પોતાનો હોદ્દો ધારણ કર્યા પહેલા રાજ્યની ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ સમક્ષ શપથ લેવાના હોય છે.

## રાજ્યપાલના વિશેષધિકારો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ભારતીય બંધારણના અનુચ્છેદ– 361માં રાજ્યપાલને અમુક છુટછાટ અંગેની જોગવાઈ છે. જે નીચે મુજબ છે :

- અનુચ્છેદ– 361 (1) : રાજ્યોના રાજ્યપાલને પોતાના કાર્યકાળ દરમિયાન કરેલા કોઈપણ કાર્ય કે નિર્ણય માટે કોઈ ન્યાયાલયને જવાબદાર નથી. અર્થાત્ તે બાબતે કોઈ ન્યાયિક પ્રક્રિયા થઈ શકે નહીં.
- અનુચ્છેદ– 361 (2) : રાજ્યપાલ પોતાના પદ પર કાર્યરત હોય ત્યારે તેમના વિરુધ્ધ ન્યાયાલયમાં કોઈપણ પ્રકારની સજાકીય કે ગુનાહિત કાર્યવાહી કરી શકાય નહીં.
- અનુચ્છેદ– 361 (3) : રાજ્યપાલ પોતાના પદ પર કાર્યરત હોય તે દરમિયાન તેમની ધરપકડનો આદેશ આપવાનો અધિકાર દેશની કોઈ કોર્ટ પાસે નથી.
- અનુચ્છેદ– 361 (4) : અનુચ્છેદ 361 (4) માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલના વ્યક્તિગત કાર્યો વિરુધ્ધ ન્યાયાલયમાં દીવાની કાર્યવાહી કરી શકાય છે. પરંતુ તે માટે નીચે પ્રમાણેની ત્રણ અગત્યની બાબતો ધ્યાને લેવામાં આવે છે :

  (a) તે અંગેની લેખિત સૂચના રાજ્યપાલને આપવી જરૂરી છે.

  (b) આ સુચના આપ્યા બાદ ઓછામાં ઓછા બે મહિનાનો સમય આપવો આવશ્યક છે.

  (c) રાજ્યપાલને લેખિતમાં આપવામાં આવેલી સૂચનામાં દાવો કરનારનું નામ, સરનામું, કાર્યવાહી અને માંગવામાં આવેલ ન્યાય અંગેનું વિવરણ હોવું જોઈએ.

## રાજ્યપાલ વિશે મહત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| અનુચ્છેદ 153 | રાજ્યોના રાજ્યપાલ |
| અનુચ્છેદ 154 | રાજ્યપાલની કારોબારી સત્તા |
| અનુચ્છેદ 155 | રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ કરશે |
| અનુચ્છેદ 156 | રાજ્યપાલનો કાર્યકાળ |
| અનુચ્છેદ 157 | રાજ્યપાલ બનવાની લાયકાત |
| અનુચ્છેદ 158 | રાજ્યપાલ પદની અન્ય શરતો |
| અનુચ્છેદ 159 | રાજ્યપાલના શપથ |
| અનુચ્છેદ 160 | કેટલાક આકસ્મિક સંજોગોમાં રાજ્યપાલનના કાર્યોનું વિતરણ |
| અનુચ્છેદ 161 | રાજ્યપાલની સજા ક્ષમાદાન શક્તિ |
| અનુચ્છેદ 162 | રાજ્યની કારોબારી સત્તાનો વિસ્તાર |

## દુર્ગા પૂજા

તાજેતરમાં દુર્ગા પૂજાનો ઉત્સવ પશ્ચિમ બંગાળ રાજ્ય સહિત અનેક રાજ્યમાં ઉજવવામાં આવ્યો હતો.

### દુર્ગાપૂજા

હિન્દુ ધર્મમાં દુર્ગામાતા આદ્યશક્તિ તરીકે ઓળખાય છે.



- દુર્ગા પૂજા દશેરાના તહેવાર સાથે સમાનતા રાખે છે.
- નવરાત્રિના સમયે દુર્ગામાતાના 9 સ્વરૂપોની પૂજા–અર્ચના કરવામાં આવે છે.
- દુર્ગાપૂજાએ પશ્ચિમ બંગાળમાં પાંચ દિવસનો તહેવાર છે જે નવ દિવસીય નવરાત્રિની પાંચમી રાત્રે શરૂ થાય છે અને દસમા દિવસે એટલે કે દશેરાના દિવસે સમાપ્ત થાય છે.
- લોક માન્યતા અનુસાર મહિષાસૂર નામના રાક્ષસનો દુર્ગામાતાએ વધ કર્યો હતો. તેમજ ભગવાન રામને રાવણને હરાવવા માટે દુર્ગામાતાએ વિજયશ્રીના આશીર્વાદ આપ્યા હતા. નવરાત્રી બાદ દશમાં દિવસે ભગવાન શ્રીરામ વિજયી થયા હતા તેથી આ તહેવાર વિજયા દશમી તરીકે ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ પર્વ ખરાબ તત્વ ઉપર સારા તત્વના વિજયના રૂપમાં મનાવવામાં આવે છે.
- બંગાળ, આસામ, ઓડિશા રાજ્યમાં દુર્ગાપૂજાને અકાલબોધન, શારદાઉત્સવ તથા માનીપૂજાના રૂપમાં ઉજવવામાં આવે છે.
- બાંગ્લાદેશમાં તેને ભગવતીપૂજાના નામે ઓળખવામાં આવે છે.
- દુર્ગાપૂજાને ગુજરાત, ઉત્તરપ્રદેશ, પંજાબ, કેરળ અને મહારાષ્ટ્રમાં નવરાત્રિના રૂપે ઉજવવામાં આવે છે.
- તમિલનાડુમાં તેને 'બોમ્મઈ કુલુ' નામથી ઓળખવામાં આવે છે.
- જ્યારે આંધ્રપ્રદેશમાં તેને 'બોમ્મલા કોલુવુ' નામથી ઓળખવામાં આવે છે.
- હિમાચલ પ્રદેશમાં તે કુલ્લુ દશેરા અને કર્ણાટકમાં મૈસૂર દશેરા નામે ઓળખાય છે.
- નવરાત્રિના સમયમાં મોટા મોટા પંડાલોમાં માતાજીની આરાધના કરવામાં આવે છે.

**નોંધ :** ડિસેમ્બર, 2021માં દુર્ગા પૂજા (કોલકત્તા)ને યુનેસ્કોની 'અમૃત સાંસ્કૃતિક વિરાસત' (ICH)ની પ્રતિનિધિ યાદીમાં સમાવેશ કર્યો હતો.




1. 'સંયુક્ત રાષ્ટ્ર દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 21 ઓક્ટોબર (B) 22 ઓક્ટોબર (C) 23 ઓક્ટોબર (D) 24 ઓક્ટોબર **(D)**

2. 'વિશ્વ પોલિયો દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 ઓક્ટોબર (B) 23 ઓક્ટોબર (C) 24 ઓક્ટોબર (D) 25 ઓક્ટોબર **(C)**

3. 'વિશ્વ વિકાસ માહિતી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 ઓક્ટોબર (B) 23 ઓક્ટોબર (C) 24 ઓક્ટોબર (D) 25 ઓક્ટોબર **(C)**

4. તાજેતરમાં શ્રી બિશનસિંહ બેદીનું નિધન થયું છે. તેઓ કઈ રમત સાથે સંકળાયેલ હતા ?

(A) ક્રિકેટ (B) હોકી (C) શૂટિંગ (D) ટેનિસ **(A)**

5. તાજેતરમાં ઓડિશાના રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી ગુલાબચંદ કટારિયા (B) શ્રી રાજેન્દ્ર આર્લેકર

(C) શ્રી રઘુબર દાસ (D) શ્રી કલરાજ મિશ્રા **(C)**

6. તાજેતરમાં ત્રિપુરાના રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી કલરાજ મિશ્રા (B) શ્રી બનવારીલાલ પુરોહિત

(C) શ્રી ગુરમિત સિંહ (D) શ્રી ઈન્દ્રસેના રેડ્ડી **(D)**

7. 'દુર્ગાપૂજા' તહેવાર વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. દુર્ગાપૂજા એ ધર્મ અને સંસ્કૃતિને સંપૂર્ણ સમન્વય છે, આ તહેવાર મુખ્યત્વે બંગાળી સમૂદાય દ્વારા ઉજવવામાં આવે છે.
2. તમિલનાડુમાં આ તહેવાર કુલ્લુ દશેરા નામે ઓળખાય છે.
3. બાંગ્લાદેશમાં તેને ભગવતી પૂજાના નામે ઓળખવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Exercise Harimau Shakti 2023

ભારત અને મલેશિયાની સેનાઓ વચ્ચેની દ્વિપક્ષીય કવાયત 'અભ્યાસ હરિમાઉ શક્તિ 2023' 23 ઓક્ટોબરના રોજ ભારતના ઉમરોઈ છાવણી (Umroi Cantonment) (મેઘાલય) ખાતે શરૂ થઈ હતી.



- મલેશિયન ટુકડીમાં મલેશિયન આર્મીની 5મી રોયલ બટાલિયનના સૈનિકોનો સમાવેશ થાય છે.
- જ્યારે ભારતીય ટુકડીનું પ્રતિનિધિત્વ રાજપૂત રેજિમેન્ટની બટાલિયન દ્વારા કરવામાં આવ્યું છે.
- આ કવાયત 5 નવેમ્બર, 2023 સુધી ચાલશે.
- કવાયતમાં સંયુક્ત કમાન્ડ પોસ્ટ, સંકલિત સર્વેલન્સ ગ્રીડ અને સંયુક્ત સર્વેલન્સ સેન્ટરની સ્થાપના સામેલ છે.
- જેમાં વિવિધ વાતાવરણમાં સંયુક્ત દળોની તૈનાથી, ગુપ્ત માહિતી એકત્ર કરવા, ડ્રોન અને હેલિકોપ્ટરનો ઉપયોગ, અકસ્માત વ્યવસ્થાપન અને લોજિસ્ટિક્સ પર ભાર મૂકવામાં આવ્યો છે.
- આ કવાયતનો હેતુ ભારતીય સેના અને મલેશિયાની સેના વચ્ચે સંરક્ષણ સહયોગના સ્તરને વધારવાનો છે, જે બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વેગ આપશે.
- આ કવાયતની અગાઉની આવૃત્તિ પુલાઈ– ક્લુઆંગ, મલેશિયા ખાતે હાથ ધરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કસ્તુરી કોટન ભારત (Kasturi Cotton Bharat)

કેન્દ્રીય કાપડ, વાણિજ્ય અને ઉદ્યોગ, ઉપભોક્તા બાબતો અને જાહેર વિતરણ મંત્રી શ્રી પિયુષ ગોયલે 'કસ્તુરી કોટન ભારત'ની વેબસાઈટ લોન્ચ કરી છે.



- કેન્દ્રીય મંત્રી શ્રી પિયુષ ગોયલ દ્વારા અનાવરણ કરાયેલ આ પહેલનો ઉદ્દેશ વૈશ્વિક કપાસ બજારમાં ભારતની સ્પર્ધાત્મકતાને મજબૂત કરવાનો અને સામેલ તમામ હિસ્સેદારો માટે ટકાઉ ઈકોસિસ્ટમ બનાવવાનો છે.
- આ વેબસાઈટ આ પહેલ પર જરૂરી માહિતી અને અપડેટ્સ માટે ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડે છે.

### કસ્તુરી કોટન ભારત પહેલ

'કસ્તુરી કોટન ભારત' એ કાપડ મંત્રાલય, કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, ટ્રેડ બોડીઝ અને ટેક્સટાઈલ ઉદ્યોગનો સહયોગી પ્રયાસ છે.

- તે સ્વ–નિયમનના સિદ્ધાંતો પર કાર્ય કરે છે, જ્યાં હિસ્સેદારો ભારતીય કપાસના બ્રાન્ડિંગ, ટ્રેસેબિલિટી અને પ્રમાણપત્રની જવાબદારી લે છે.
- આ અભિગમ ભારતીય કપાસને આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રીમિયમ અને વિશ્વસનીય ઉત્પાદન તરીકે સ્થાન આપવાનો પ્રયાસ કરે છે.




નોંધ : (1) અગાઉ 7 ઓક્ટોબરે વિશ્વ કપાસ દિવસની પૂર્વ સંધ્યાએ કાપડ મંત્રાલયે 'કસ્તુરી કોટન ભારત' બ્રાન્ડની જાહેરાત કરી હતી. જેના દ્વારા ભારતીય કપાસને એક બ્રાન્ડ અને લોગો આપવામાં આવ્યો છે. જે સફેદતા, નરમાઈ, શુદ્ધતા, ચમક અને ભારતીયતા જેવા ગુણોનું પ્રતિક છે.

(2) ત્યારબાદ 15 ડિસેમ્બર, 2022ના રોજ કાપડ ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (CCI) અને TEXPROCIL વચ્ચે કસ્તુરી કોટન ભારતને પ્રોત્સાહન આપવા માટે એક મિશન આધારિત વ્યૂહરચના ઔપચારિક રૂપે એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

## કપાસ

કપાસ ખરીફ પાક છે તથા ઉષ્ણકટિબંધીય ક્ષેત્રનો પાક છે.

- ભારતમાં ગ્રીષ્મ ઋતુમાં ચોમાસાના શરૂ થયા પહેલા વાવવામાં આવે છે.
- કપાસના પાક માટે 210 થી 300 સેલ્શિયસ તાપમાન તથા 50 થી 75 સેમી. વાર્ષિક વરસાદ માફક આવે છે.
- કપાસના પાક માટે કાળી (રેગૂર) જમીન ખૂબ જ ઉપયોગી છે.
- હિમવર્ષા કપાસના પાક માટે ખૂબ જ નુકસાનકારક છે.
- ભારતના કુલ ખેત ભૂમિના 6% ભાગ પર કપાસની ખેતી થાય છે.
- કપાસની સંકર જાત દેવીરાજ, દિગ્વિજય, જરીલા, દેવીતેજ, લક્ષ્મી, સંકર-4, સંકર-6, મદ્રાસ, યુગાન્ડા, અમેરિકન, મલાવી, ઈન્દોર-2 વગેરે છે.
- કપાસનું સૌથી વધારે ઉત્પાદન કરતા રાજ્યોમાં મહારાષ્ટ્ર, ગુજરાત, તેલંગાણા, આંધ્રપ્રદેશ, હરિયાણા અને મધ્યપ્રદેશ છે.
- કપાસને ''સફેદ સોના''ના નામે ઓળખવામાં આવે છે.
- કપાસ માટે ગુજરાતનો ''કાનમ પ્રદેશ'' જાણીતો છે.
- કપાસના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમ પર છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (CCI)ની સ્થાપના 1970માં કંપની એક્ટ 1956 હેઠળ જાહેર ક્ષેત્રના ઉપક્રમ તરીકે કાપડ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ કરવામાં આવી હતી. તેનું મુખ્ય મથક નવી મુંબઈમાં CBD બેલાપુર ખાતે આવેલું છે.

## અમૃત કાલ વિઝન 2047

17 ઓક્ટોબર, 2023ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્લોબલ મેરિટાઈમ ઈન્ડિયા સમિટ 2023ની ત્રીજી આવૃત્તિના ઉદ્‌ઘાટન પ્રસંગે 18,800 કરોડ રૂપિયાના 21 પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા.

- આ ઉપરાંત ભારતીય દરિયાઈ બ્લૂ ઈકોનોમી માટે લાંબા ગાળાની બ્લૂ પ્રિન્ટ 'અમૃત કાલ વિઝન 2047'નું અનાવરણ કર્યુ હતું.
- આ બ્લૂપ્રિન્ટ પોર્ટ સુવિધાઓ વધારવા, ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપવા અને આંતરરાષ્ટ્રીય સહયોગને સરળ બનાવવાના હેતુથી વ્યૂહાત્મક પહેલોની રૂપરેખા આપે છે.
- અમૃત કાલ વિઝન 2047 હેઠળ નેક્સ્ટ જનરેશન મેગા પોર્ટ, ઈન્ટરનેશનલ કન્ટેનર ટ્રાન્સ–શિપમેન્ટ પોર્ટ, આઈલેન્ડ ડેવલપમેન્ટ, ઈનલેન્ડ વોટરવેઝ અને મલ્ટિ–મોડલ હબ હાથ ધરવામાં આવશે.
- આ વિઝન અંતર્ગત 2047 સુધીમાં બંદરની ક્ષમતા ચાર ગણી વધારીને 10,000 મિલિયન ટન પ્રતિ વર્ષ (MPTA) કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.
- તથા 12 મોટા બંદરો માટે 100 ટકા જાહેર ખાનગી ભાગીદારી (PPP) મેળવવાનું લક્ષ્ય રાખે છે.
- 300 થી વધુ MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે ભારતની વૈશ્વિક અને રાષ્ટ્રીય દરિયાઈ ભાગીદારીને વધુ મજબૂત બનાવે છે.

### બ્લૂ ઈકોનોમીનું મહત્ત્વ

#### ખાદ્ય સુરક્ષા

મત્સ્યોદ્યોગ અને જળચરઉછેર એ બ્લૂ ઈકોનોમીના અભિન્ન અંગો છે, જે વિશ્વના પ્રોટીન સ્ત્રોતોનો મોટો હિસ્સો પૂરો પાડે છે.

- વૈશ્વિક ખાદ્ય સુરક્ષા માટે આ ક્ષેત્રોમાં ટકાઉ પ્રથાઓ જરૂરી છે.

#### પર્યાવરણીય સંરક્ષણ

જવાબદાર સંસાધન વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપીને બ્લૂ ઈકોનોમી સમુદ્રની જૈવવિવિધતા અને ઈકોસિસ્ટમના સંરક્ષણને સમર્થન આપે છે.

- સ્વસ્થ મહાસાગરો આબોહવા નિયમન અને કાર્બન સિક્વેસ્ટ્રેશનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## પર્યટન અને મનોરંજન

તટીય અને દરિયાઈ પ્રવાસન વૈશ્વિક અર્થતંત્રમાં નોંધપાત્ર યોગદાન આપે છે.

- બ્લૂ ઈકોનોમી પ્રવાસન અને મનોરંજનની તકોમાં વધારો કરે છે. તથા પ્રવાસીઓને દરિયાકાંઠાના વિસ્તારોમાં આકર્ષે છે અને સંરક્ષણ જાગૃતિને પ્રોત્સાહન આપે છે.

## રિન્યુએબલ એનર્જી

તે અપતટીય પવન, ભરતી અને તરંગ ઊર્જા જેવા નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતોના વિકાસને પ્રોત્સાહિત કરે છે, અશ્મિભૂત ઈંધણ પર નિર્ભરતા ઘટાડે છે અને આબોહવા પરિવર્તનને ઘટાડે છે.

## પરિવહન અને વેપાર

દરિયાઈ શિપિંગ વૈશ્વિક વેપાર માટે જીવનરેખા છે.

- કાર્યક્ષમ અને ટકાઉ દરિયાઈ પરિવહન વૈશ્વિક અર્થતંત્ર માટે મહત્ત્વપૂર્ણ છે.

## ભારતનું દરિયાઇ ક્ષેત્ર

ભારત એક અનોખી દરિયાઈ સ્થિતિ ધરાવે છે.

- ભારતનો દરિયાકિનારો 7,516 કિમી લાંબો છે.
- ભારતના કુલ 9 રાજ્યો સમુદ્રતટ ધરાવે છે. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે.
- સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતુ રાજ્ય ગુજરાત (1600 કિ.મી.) છે. ત્યારબાદ બીજા ક્રમે સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય આંધ્રપ્રદેશ છે અને ત્રીજા ક્રમે લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય તમિલનાડુ છે.
- સૌથી ટૂંકો દરિયા કિનારો ધરાવતું રાજ્ય ગોવા છે.
- ભારત પૂર્વ અને પશ્ચિમ બંને તરફ સમુદ્ર ધરાવતો હોવાથી ઘણા બંદરો ધરાવે છે.
- ભારતમાં કુલ 13 મોટા (12 સરકારી માલિકીના અને એક ખાનગી) અને 200 જેટલા નાના બંદરો છે.
- પ્રધાન બંદરો (મુખ્ય બંદરો)નો વહીવટ કેન્દ્ર સરકાર કરે છે.
- નાના મધ્યમ (ગૌણ બંદરો)નો વહીવટ રાજ્ય સરકાર કરે છે.
- દરિયાકાંઠાની અર્થવ્યવસ્થા 40 લાખથી વધુ માછીમારો અને દરિયાકાંઠાના સમુદાયોની અન્ય નોંધપાત્ર વસ્તીને ટકાવી રાખે છે.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારતના 13 પ્રમુખ બંદરો

| ક્રમ | પશ્ચિમ તટપર |
|---|---|
| 1. | કંડલા |
| 2. | મુંબઈ |
| 3. | ન્હાવાસેવા (મુંબઈ)/ જવાહરલાલ નહેરુ |
| 4. | માર્માગોવા |
| 5. | ન્યૂ મેંગલૂરુ |
| 6. | કોચી |

| ક્રમ | પૂર્વી તટપર |
|---|---|
| 7. | તુતીકોરીન |
| 8. | ચેન્નાઈ |
| 9. | એન્નૌર |
| 10. | વિશાખાપટ્ટનમ |
| 11. | પારાદીપ |
| 12. | પોર્ટ બ્લેયર |
| 13. | કોલકાતા અને હલ્દિયા |

## ભારતના બંદરો




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'અભ્યાસ હરિમાઉ શક્તિ 2023' નામની કવાયત યોજાઈ હતી ?

(A) મલેશિયા (B) ફ્રાન્સ (C) ઉઝબેકિસ્તાન (D) જાપાન **(A)**

2. તાજેતરમાં 'કસ્તુરી કોટન ભારત' (Kasturi Cotton Bharat)ની વેબસાઈટ કોણે લોન્ચ કરી હતી ?

(A) શ્રી પ્રહલાદ જોષી (B) શ્રી અર્જુન મુંડા

(C) શ્રી પિયુષ ગોયલ (D) શ્રી અશ્વિની વૈષ્ણવ **(C)**

3. 'અમૃત કાલ વિઝન 2047' જેનું તાજેતરમાં અનાવરણ કરવામાં આવ્યું હતું, તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલું છે ?

(A) કોલસો ઉદ્યોગ (B) દરિયાઈ ઉદ્યોગ

(C) ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન (D) આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ **(B)**

4. ભારતના 'દરિયાઈ ક્ષેત્ર' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ભારતનો દરિયાઈ કિનારો 7,516 કિ.મી. લાંબો છે.

2. ભારતના કુલ 9 રાજ્યો સમુદ્ર તટ ધરાવે છે.

3. સૌથી ટૂંકો દરિયા કિનારો ધરાવતું રાજ્ય કેરળ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 (D) 1, 2 અને 3 **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે 'પ્રોજેક્ટ ઉદ્ભવ' લોન્ચ કર્યો



તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે 'પ્રોજેક્ટ ઉદ્ભવ' (Project UDBHAV) લોન્ચ કર્યો હતો.

- ભારતીય સેનાએ યુનાઈટેડ સર્વિસ ઈન્સ્ટિટ્યુશન ઓફ ઈન્ડિયા (USI) સાથે મળીને આ પ્રોજેક્ટ ભારતના ફિલસૂફી અને સંસ્કૃતિ પર આધારિત સ્વદેશી વ્યૂહાત્મક શબ્દભંડોળ બનાવવાનો પ્રયાસ કરે છે.
- પ્રોજેક્ટ ઉદ્ભવનો ઉદ્દેશ્ય પ્રાચીન વ્યૂહાત્મક જ્ઞાનને સમકાલીન લશ્કરી પ્રથાઓ સાથે એકિકૃત કરવાનો છે.
- તે વ્યૂહાત્મક વિચારસરણી, રાજ્યકળા અને યુદ્ધ સાથે સંબંધિત અગાઉ ઓછા–અન્વેષિત વિચારો અને સિદ્ધાંતોનું અન્વેષણ કરવાનો પ્રયાસ કરે છે.
- આમ કરીને તેનો હેતુ લશ્કરી તાલીમ અભ્યાસક્રમને સમૃદ્ધ બનાવવા અને ભારતની વ્યૂહાત્મક સંસ્કૃતિની ઊંડી સમજણને પ્રોત્સાહન આપવાનો છે.
- આ ઉપરાંત આ પ્રોજેક્ટનો અન્ય ઉદ્દેશ જુનિયર લશ્કરી વડાઓ, વરિષ્ઠ લશ્કરી કમાન્ડરો અને શિક્ષણવિદોને શાસ્ત્રીય ગ્રંથોમાં ઉપલબ્ધ સિદ્ધાંતો, વિભાવનાઓ અને ઉપદેશો વિશે શિક્ષિત કરવાનો છે.
- જેમ કે ચાણક્યનું અર્થશાસ્ત્ર, કામંદકી દ્વારા નિતિસાર તથા મહાભારતમાં ઉપલબ્ધ સિદ્ધાંતો.
- તે ભારતના 5000 વર્ષ જૂના સંસ્કૃતિના વારસા અને તેના બૌદ્ધિક ગ્રંથો, ચિંતકો અને વિચારની શાળાઓના વિશાળ સંગ્રહને વધુ ઊંડાણમાં લેવાનો પ્રયાસ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## BIMSTECના આગામી મહાસચિવ : શ્રી ઈન્દ્રમણિ પાંડે



તાજેતરમાં શ્રી ઈન્દ્રમણિ પાંડેની BIMSTECના નવા મહાસચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- તેઓ ટૂંક સમયમાં તેમની જવાબદારી સંભાળશે.
- આવું પ્રથમ વખત છે જ્યારે કોઈ ભારતીય BIMSTECના મહાસચિવનું પદ સંભાળશે.
- શ્રી ઈન્દ્રમણિ પાંડે 1990 બેચના ભારતીય વિદેશી સેવા (IFS) અધિકારી છે.
- હાલમાં તેઓ જિનીવામાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે કામ કરી રહ્યા હતા.

## BIMSTEC

બિમસ્ટેક એ બંગાળની ખાડીમાં વસતા સાત દેશોનું સંગઠન છે.

- બિમસ્ટેકનો મુખ્ય ઉદ્દેશ બંગાળની ખાડીમાં રહેલા દેશો વચ્ચે ટેકનિકલ અને આર્થિક સહયોગનો છે.
- આ ઉદ્દેશની પૂર્તિ માટે 6 જૂન, 1997ના રોજ 'બેંગકોક ઘોષણાપત્ર' અંતર્ગત બિમસ્ટેકની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક બાંગ્લાદેશના ઢાકા ખાતે આવેલું છે.
- તેના સાત સભ્ય દેશોમાં ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે.
- BIMSTECનું પૂરું નામ **'Bay of Bengal Initiative for Multi-Sectoral Technical and Economic Cooperation'** છે.

## BIMSTECના સ્તંભો

30 માર્ચ, 2022ના રોજ યોજાયેલી વર્ચ્યુઅલ BIMSTEC કોલંબો સમિટમાં સંગઠનનું ઔપચારિક માળખું વિકસાવવા માટે સભ્ય દેશોના નેતાઓએ જૂથની કામગીરીને સાત વિભાગોમાં વિભાજિત કરવા સંમત થયા હતા, જેમાં ભારત સુરક્ષા સ્તંભનું નેતૃત્વ કરે છે.

| ક્રમ | દેશ | ક્ષેત્ર |
|---|---|---|
| 1 | બાંગ્લાદેશ | વેપાર, રોકાણ અને વિકાસ |
| 2 | શ્રીલંકા | વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા |
| 3 | થાઈલેન્ડ | કનેક્ટિવિટી |
| 4 | ભૂટાન | પર્યાવરણ અને આબોહવા પરિવર્તન |
| 5 | મ્યાનમાર | કૃષિ અને ખાદ્ય સુરક્ષા<br>પેટા ક્ષેત્રો : કૃષિ, માછીમારી, પશુપાલન |
| 6 | ભારત | સુરક્ષા<br>પેટા ક્ષેત્રો : કાઉન્ટર ટેરરિઝમ એન્ડ ઈન્ટરનેશનલ ક્રાઈમ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ઊર્જા |
| 7 | નેપાળ | લોકો–થી–લોકો સંપર્ક (સંસ્કૃતિ, પ્રવાસન, થિંક ટેન્ક, મીડિયા ફોરમ વગેરે..) |

## International Migration Outlook 2023

તાજેતરમાં ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો–ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD) દ્વારા વિશ્વભરના સ્થળાંતર વલણોનું વિશ્લેષણ કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્થળાંતર પેટર્ન પર 'ઈન્ટરનેશનલ માઈગ્રેશન આઉટલુક, 2023' નામનો અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો.

- આ આવૃત્તિ સ્થળાંતર હિલચાલ અને OECD દેશોમાં ઈમિગ્રન્ટ્સના શ્રમ બજારના સમાવેશમાં તાજેતરમાં વિકાસનું વિશ્લેષણ કરે છે.

### અહેવાલના મુખ્ય મુદ્દાઓ

- 2021 અને 2022માં ભારત ચીનને પાછળ છોડીને OECD દેશોમાં સ્થળાંતરનો પ્રાથમિક સ્ત્રોત બન્યો હતો.
- બંને વર્ષોમાં 0.41 મિલિયન નવા ઈમિગ્રન્ટ્સ સાથે ભારત સતત ટોચ પર છે.
- જ્યારે ચીનમાં 0.23 મિલિયન નવા સ્થળાંતર થયા છે.
- ત્યારબાદ આશરે 20,000 નવા સ્થળાંતર સાથે રોમાનિયા આવે છે.
- આ અહેવાલ તાજેતરના વર્ષોમાં આબોહવા પરિવર્તન–પ્રેરિત વિસ્થાપન માટે નીતિ પ્રતિસાદ તરફ વધતા ધ્યાનને પ્રકાશિત કરે છે.
- જોકે કેટલાક OECD દેશો પાસે આ મુદ્દાને ઉકેલવા માટે સ્પષ્ટ નીતિઓ છે.
- ખાસ કરીને કોલંબિયાએ એપ્રિલ 2023માં એક અગ્રણી બિલ પર ચર્ચા શરૂ કરી હતી જેનો ઉદ્દેશ્ય આવાસ, આરોગ્ય સંભાળ, શિક્ષણ અને રાષ્ટ્રીય રજિસ્ટર માટેની વ્યાપક વ્યાખ્યાઓ અને જોગવાઈઓ સાથે આબોહવા–વિસ્થાપિત વ્યક્તિઓને ઓળખવા અને સહાય પૂરી પાડવાનો છે.
- રશિયા–યુક્રેન યુદ્ધને કારણે OECD વિસ્તારમાં શરણાર્થીઓનો રેકોર્ડ ઘસારો થયો હતો, જેમાં 10 મિલિયનથી વધુ લોકો આંતરિક રીતે વિસ્થાપિત થયા હતા અને શરણાર્થીઓ બન્યા.
- ભારત, ઉઝબેકિસ્તાન અને તુર્કીમાં કામદારોના સ્થળાંતરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો, જે તેમને યુક્રેન પછી સ્થળાંતર માટે અગ્રણી દેશ બનાવે છે.
- તમામ ટોચના ચાર ગંતવ્ય દેશો (યુનાઈટેડ સ્ટેટ્સ, જર્મની, યુનાઈટેડ કિંગ્ડમ અને સ્પેન)એ વાર્ષિક ધોરણે 21% અને 35%ની વચ્ચે મોટા પ્રમાણમાં આંતરરાષ્ટ્રીય સ્થળાંતર વધારો નોંધ્યો છે.
- જ્યારે પાંચમાં ગંતવ્ય દેશ કેનેડામાં આ વૃદ્ધિ દર ઓછો (8%) હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- નવા કાયમી સ્થળાંતર કરનારાઓ માટે કૌટુંબિક સ્થળાંતર એ સ્થળાંતરની સૌથી મોટી અને પ્રાથમિક શ્રેણી છે, જે 2022માં તમામ કાયમી સ્થળાંતરમાંથી 40%નું પ્રતિનિધિત્વ કરે છે.
- સમય સાથે મજૂર સ્થળાંતરનો વિસ્તાર વધ્યો છે. શ્રમ સ્થળાંતર વર્ષ 2022માં કાયમી પ્રકારના સ્થળાંતરના 21% હતું અને વર્ષ 2019માં તે માત્ર 16% હતું.
- તેનાથી વિપરીત, ફ્રી મૂવમેન્ટ માઈગ્રેશનનો હિસ્સો (EU-EFTA દેશોમાં અને ઓસ્ટ્રેલિયા તથા ન્યુઝિલેન્ડ વચ્ચે) 2020થી ઘટયો છે.
- તે વર્ષ 2022માં સ્થાયી પ્રકારના સ્થળાંતરના 21% હતું જ્યારે વર્ષ 2019માં તે 28% હતું.

## OECD શું છે ?

OECDનું પૂરું નામ 'ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો–ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ' છે.

- OECD એ એક આંતર–સરકારી આર્થિક સંસ્થા છે.
- તેની સ્થાપના વર્ષ 1961માં આર્થિક પ્રગતિ અને વિશ્વ વેપારને ઉત્તેજન આપવા માટે કરવામાં આવી હતી.
- તેનું મુખ્ય મથક ફ્રાન્સના પેરિસમાં આવેલું છે.
- તેમાં 38 સભ્ય દેશોનો સમાવેશ થાય છે.
- મોટા ભાગના OECD સભ્યો ઉચ્ચ આવક ધરાવતા અર્થતંત્રો છે જેમાં ખૂબ ઊંચા માનવ વિકાસ સૂચકાંક (HDI) છે અને તેમને વિકસિત દેશો ગણવામાં આવે છે.
- કોલંબિયા અને કોસ્ટા રિકા OECDમાં સામેલ થનાર તાજેતરના દેશો હતા.
- ભારત OECDનું સભ્ય નથી પરંતુ મુખ્ય આર્થિક ભાગીદાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# INS ઈમ્ફાલ

મંઝગાવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDL)એ સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર્સના પ્રોજેક્ટ 15B ક્લાસનું ત્રીજું જહાજ INS ઈમ્ફાલ ભારતીય નૌકાદળને નિર્ધારિત સમય કરતા ચાર મહિના પહેલા પહોંચાડ્યું છે.



- જે સતત સુધારણા માટે MDLની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## INS ઈમ્ફાલ

મહિલા અધિકારીઓ અને ખલાસીઓ માટે આવાસ સાથેનું તે પ્રથમ યુદ્ધ જહાજ છે.

- આ જહાજ 312 વ્યક્તિઓના ક્રૂને સમાવી શકે છે, તેની રેન્જ 4,000 નોટિકલ માઈલ છે અને વિસ્તૃત મિશન સમય સાથે 42 દિવસનું મિશન પાર પાડી શકે છે.
- તેની ઓપરેશનલ ક્ષમતાઓને વિસ્તારવા માટે બે હેલિકોપ્ટર ઓનબોર્ડથી સજ્જ છે.
- INS ઈમ્ફાલનું નિર્માણ સ્વદેશી સ્ટીલ 'DMR 249A'નો ઉપયોગ કરીને કરવામાં આવ્યું છે.
- તેની એકંદર લંબાઈ 164 મીટર છે અને 7,500 ટનથી વધુનું વિસ્થાપન ધરાવે છે.
- આ જહાજ સુપરસોનિક સરફેસ–ટુ–સરફેસ બ્રહ્મોસ મિસાઈલ, બરાક–8 મીડિયમ રેન્જ સરફેસ–ટુ–એર મિસાઈલ, એન્ટી સબમરીન હથિયારો અને સેન્સર્સથી સજ્જ છે.
- તેને શક્તિશાળી કમ્બાઈન્ડ ગેસ એન્ડ ગેસ પ્રોપલ્શન પ્લાન્ટ (COGAG) દ્વારા ચલાવવામાં આવે છે, જે તેને 30 નોટિકલ માઈલ (અંદાજે 55 km ph)થી વધુની ઝડપ હાંસલ કરવા સક્ષમ બનાવે છે.
- પ્રોજેક્ટ 15B-ક્લાસ ડિસ્ટ્રોયર્સમાં સ્વદેશી સામગ્રી 72% છે, જે આત્મનિર્ભર ભારત કાર્યક્રમ અને સબ વેન્ડર્સની મજબૂત ઈકોસિસ્ટમના વિકાસ પર ભારતનું ધ્યાન પ્રતિબિંબિત કરે છે.

નોંધ : (1) પ્રોજેક્ટ 15B સરકારનો એક કાર્યક્રમ છે જે અંતર્ગત ભારતીય નૌકાદળો માટે નેક્સ્ટ જનરેશનના સ્ટીલ્થ ગાઈડેડ–મિસાઈલ ડિસ્ટ્રોયર્સ મંઝગાવ ડોક્સ લિમિટેડ (MDL), મુંબઈ ખાતે બનાવવામાં આવી રહ્યા છે.

(2) પ્રોજેક્ટ 15B વર્ગનું પ્રથમ જહાજ INS વિશાખાપટ્ટનમ્ 21 નવેમ્બર, 2021ના રોજ કાર્યરત થયું હતું.

(3) બીજું જહાજ INS મોર્મુગાઓ 18 ડિસેમ્બર, 2022ના રોજ કાર્યરત થયું હતું.

(4) ચોથું જહાજ INS સુરત 17 મે, 2022ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું અને તે આઉટફિટિંગના એડવાન્સ સ્ટેજ પર છે.



1. તાજેતરમાં સમાચારમાં રહેલ 'Project UDBHAV' કયા કેન્દ્રીય મંત્રાલય સાથે સંકળાયેલ છે ?
(A) નાણા મંત્રાલય (B) MSME મંત્રાલય (C) સંરક્ષણ મંત્રાલય (D) કાપડ મંત્રાલય **(C)**

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'Project UDBHAV' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. ભારતીય સેનાએ યુનાઈટેડ સર્વિસ ઈન્સ્ટિટ્યુશન ઓફ ઈન્ડિયા (USI) સાથે મળીને આ પ્રોજેક્ટ લોન્ચ કર્યો છે.
2. 'પ્રોજેક્ટ ઉદ્‌ભવ'નો ઉદ્દેશ્ય પ્રાચીન વ્યૂહાત્મક જ્ઞાનને સમકાલીન લશ્કરી પ્રથાઓ સાથે એકિકૃત કરવાનો છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે. (B) વિધાન 1 ખોટું છે પરંતુ વિધાન 2 સાચું છે.
(C) વિધાન 1 અને 2 બંને સાચા છે. (D) વિધાન 1 અને 2 બંને ખોટા છે. **(C)**

3. તાજેતરમાં BIMSTECના આગામી મહાસચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી ઈન્દ્રમણિ પાંડે (B) શ્રી તરંનજીત સિંહ સંધુ
(C) શ્રી પ્રવીણ કુમાર (D) શ્રી મુકેશ ભટ્ટનગર **(A)**

4. તાજેતરમાં 'International Migration Outlook 2023' નામનો અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. આ અહેવાલ 'ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો–ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD) દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો.
2. આ અહેવાલ અનુસાર 2021 અને 2022માં ભારત ચીનને પાછળ છોડીને OECD દેશોમાં સ્થળાંતરનો પ્રાથમિક સ્ત્રોત બન્યો હતો.
3. રશિયા 0.23 મિલિયન નવા સ્થળાંતર સાથે ટોચ પર છે.
4. રશિયા–યુક્રેન યુદ્ધને કારણે સૌથી વધુ સ્થળાંતર આ દેશોમાંથી ચીન, કેનેડા અને જાપાનમાં થયું હતું.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3
(C) માત્ર 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(A)**

5. તાજેતરમાં કઈ શિપ–બિલ્ડીંગ કંપનીએ સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર્સના પ્રોજેક્ટ 15B વર્ગનું ત્રીજું જહાજ 'INS ઈમ્ફાલ' ભારતીય સેનાને પહોંચાડ્યું હતું ?
(A) હિન્દુસ્તાન શિપયાર્ડ (Hindustan Shipyard)
(B) કોચીન શિપયાર્ડ (Cochin Shipyard)
(C) ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ
(D) મંઝગાવ ડોક શિપ બિલ્ડર્સ (Mazagon Dock Shipbuilders) **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 27 ઓક્ટોબર, (1) વિશ્વ ઓડિયોવિઝ્યુઅલ હેરિટેજ દિવસ
## (2) પાયદળ દિવસ (Infantry Day)

## ચક્રવાત 'તેજ' (Tej) અને ચક્રવાત 'હમૂન' (Hamoon)

તાજેતરમાં અરબી સમુદ્રમાં ચક્રવાત 'તેજ' (Tej) ઉદ્‌ભવ્યું હતું.

- જે યમન અને ઓમાનના દરિયાકાંઠે ટકરાયું હતું.
- જ્યારે બીજી તરફ બંગાળની ખાડીમાં 'હમૂન' નામનું ચક્રવાત ઉદ્‌ભવ્યું હતું.
- જે બાંગ્લાદેશના દરિયાકિનારે ચટગાંવ નજીકથી પસાર થયું હતું.
- જોકે 'હમૂન' ચક્રવાત બાંગ્લાદેશના દરિયાકિનારે પહોંચતા પહેલા નબળૂ પડ્યું હતું.

### તેજ ચક્રવાતનું નામકરણ

ચક્રવાત 'તેજ'નું નામ ભારત દ્વારા આપવામાં આવ્યું હતું.

### હમૂન ચક્રવાતનું નામકરણ

હમૂન ચક્રવાતનું નામ ઈરાન દ્વારા આપવામાં આવ્યું છે. જે ફારસી ભાષામાં માર્શલેન્ડ્સ માટે વપરાય છે.

**નોંધ :** આ અગાઉ ચક્રવાત લુબાન અને ચક્રવાત તિતલી અનુક્રમે અરબી સમુદ્ર અને બંગાળની ખાડી પર રચાયા હતા.

### વર્ગીકરણ

- ભારતીય હવામાન વિભાગ (IMD) ચક્રવાતને તેમની મહત્તમ સ્થિર પવનની ગતિ (Maximum Sustained Surface wind Speed-MSW)ના આધારે વર્ગીકૃત કરે છે.
- હવાની ગતિના આધારે IMD અનુસાર ચક્રવાતનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવે છે :

| ક્રમ | કેટેગરી | હવાની એવરેજ ઝડપ (કિમી/કલાકમાં) |
|---|---|---|
| 1 | લો પ્રેશર | 31 થી ઓછી |
| 2 | ડિપ્રેશન | 31 થી 49 |
| 3 | ડીપ ડિપ્રેશન | 50 થી 61 |
| 4 | ચક્રવાતી તોફાન | 62 થી 88 |
| 5 | ગંભીર ચક્રવાતી તોફાન | 89 થી 117 |
| 6 | ખૂબ ગંભીર ચક્રવાતી તોફાન | 118 થી 167 |
| 7 | અત્યંત ગંભીર ચક્રવાતી તોફાન | 168 થી 221 |
| 8 | સુપર ચક્રવાતી તોફાન | 222 થી વધુ |

## ચક્રવાતનું નામકરણ કઈ રીતે થાય છે ?

ચક્રવાતની ભવિષ્યવાણી, ચેતવણી અને પૂર્વાનુંમાનમાં વિવિધ સરકારી એજન્સી અને સામાન્ય લોકો વચ્ચે કોમ્યુનિકેશનમાં સરળતા રહે એ માટે ચક્રવાતનું નામકરણ કરવામાં આવે છે.

- ઉષ્ણકટિબંધીય ચક્રવાતોને આ માટે વિવિધ ચેતવણી કેન્દ્રો દ્વારા નામ આપવામાં આવે છે.
- આ નામ આપવા માટે અગાઉથી જ એક લિસ્ટ બનાવવામાં આવ્યું હોય છે. અને આ લિસ્ટ પ્રમાણે જ તે ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.

## ઉત્તર હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામ

$45^0$ પૂ. થી $100^0$ પૂ. વચ્ચેના ઉત્તર હિંદ મહાસાગરના ઉષ્ણકટિબંધીય ચક્રવાતના નામ ભારત મૌસમ વિભાગ (India Meteorologycal Department (IMD)/ RSMC, નવી દિલ્હી દ્વારા)આપવામાં આવે છે.

- આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા, થાઈલેન્ડ, ઈરાન, કતાર, સાઉદી અરેબિયા, યમન અને યુ.એ.ઈ દ્વારા સૂચિત નામોનું એક લિસ્ટ બનાવવામાં આવે છે.
- આ લિસ્ટમાંથી ઉત્તર હિંદ મહાસાગરમાં ઉદ્ભવતા ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.
- તાજેતરમાં ઉદ્ભવેલ ચક્રવાત તેજનું નામ ભારત દ્વારા સુચિત કરવામાં આવ્યું હતું. અને ચક્રવાત હમૂનનું નામ ઈરાન દ્વારા સૂચિત કરવામાં આવ્યું હતું.

| WMO/ESCAP Panel Member countries | Column 1 | | Column 2 | | Column 3 | | Column 4 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Name | Pron' | Name | Pron' | Name | Pron' | Name | Pron' |
| Bangladesh | Nisarga | Nisarga | Biparjoy | Biporjoy | Arnab | Ornab | Upakul | Upokul |
| India | Gati | Gati | Tej | Tej | Murasu | Murasu | Aag | Aag |
| Iran | Nivar | Nivar | Hamoon | Hamoon | Akvan | Akvan | Sepand | Sepand |
| Maldives | Burevi | Burevi | Midhili | Midhili | Kaani | Kaani | Odi | Odi |
| Myanmar | Tauktae | Tau'Te | Michaung | Migjaum | Ngamann | Ngaman | Kyarthit | Kjathi |
| Oman | Yaas | Yass | Remal | Re-Mal | Sail | Sail | Naseem | Naseem |
| Pakistan | Gulab | Gul-Aab | Asna | As-Na | Sahab | Sa-Hab | Afshan | Af-Shan |
| Qatar | Shaheen | Shaheen | Dana | Dana | Lulu | Lulu | Mouj | Mouj |
| Saudi Arabia | Jawad | Jowad | Fengal | Feinjal | Ghazeer | Razeer | Asif | Aasif |
| Sri Lanka | Asani | Asani | Shakhti | Shakhti | Gigum | Gigum | Gagana | Gagana |
| Thailand | Sitrang | Si-Trang | Montha | Mon-Tha | Thianyot | Thian-Yot | Bulan | Bu-Lan |
| United Arab Emirates | Mandous | Man-Dous | Senyar | Sen-Yaar | Afoor | Aa-Foor | Nahhaam | Nah-Haam |
| Yemen | Mocha | Mokha | Ditwah | Ditwah | Diksam | Diksam | Sira | Sira |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચક્રવાત (Cyclones)

ચક્રવાત એ નીચા દબાણવાળા વિસ્તારની આસપાસ હવાનું ઝડપી પરિભ્રમણ છે.

- હવા ઉત્તર ગોળાર્ધમાં ઘડિયાળની વિરુદ્ધ દિશામાં અને દક્ષિણ ગોળાર્ધમાં ઘડિયાળની દિશામાં ફરે છે.
- ચક્રવાત એ વાતાવરણની એક પ્રકારની ખલેલ છે. જે સામાન્ય રીતે હિંસક તોફાનો અને ખરાબ હવામાન સાથે હોય છે. ચક્રવાતનો આકાર ગોળ, લંબગોળ કે 'V' આકારનો હોય છે.
- સાયક્લોન શબ્દ ગ્રીક શબ્દ સાયક્લોસ પરથી આવ્યો છે જેનો અર્થ થાય છે સાપની કોઈલ.
- તે હેનરી પેડિંગ્ટન દ્વારા બનાવવામાં આવ્યું હતું. કારણ કે બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં ઉષ્ણકટિબંધિય ચક્રવાતો સમુદ્રના વીંટળાયેલા સાપ જેવા દેખાય છે.

## વર્ગીકરણ

સ્થળના આધારે ચક્રવાતનું વર્ગીકરણ બે પ્રકારે કરી શકાય છે :

ચક્રવાત

- ઉષ્ણકટિબંધિય ચક્રવાત (Tropical Cyclone)
- સમશીતોષ્ણ કટિબંધ ચક્રવાત (Extra - Tropical Cyclone, Temperate Cyclone)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વિશ્વ હવામાન સંસ્થા હવામાન પ્રણાલીને આવરી લેવા માટે 'ટ્રોપિકલ સાયક્લોન' શબ્દનો ઉપયોગ કરે છે જેમાં પવન 'ગેલ ફોર્સ' (લઘુત્તમ 63 કિમી પ્રતિ કલાક) કરતા વધી જાય છે.
- ચક્રવાત સાથે સામાન્ય રીતે વરસાદ કે હિમવર્ષા થતી હોય છે.
- ચક્રવાતો કરતા વિરુદ્ધ પ્રતિચક્રવાતો (Anticyclones)માં પવનો કેન્દ્રમાં રહેલા ભારે દબાણને ફરતે ભ્રમણ કરતા હોય છે.
- પ્રતિ ચક્રવાતમાં પવનોનું ભ્રમણ ચક્રવાત કરતા વિરુદ્ધ હોવાથી તેને પ્રતિચક્રવાત કહે છે. અહીં પવનો બહારની તરફ જતા હોય તેવી રીતે ભ્રમણ કરે છે.
- તેમની દિશા ઉત્તર ગોળાર્ધમાં ઘડિયાળના કાંટાની દિશામાં જ્યારે દક્ષિણ ગોળાર્ધમાં ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશામાં હોય છે. પ્રતિ ચક્રવાતોના પવનો ચક્રવાત જેટલા મજબૂત હોતા નથી અને તેઓ વૃષ્ટિ પણ આપતા નથી.

# સમશીતોષ્ણ કટિબંધિય ચક્રવાત (Extra-Tropical Cyclones)

સમશીતોષ્ણ કટિબંધિય ચક્રવાતને એકસ્ટ્રા–ટ્રોપિકલ ચક્રવાત, મધ્ય–અક્ષાંશ ડિપ્રેશન, ફ્રન્ટ ડિપ્રેશન અને વેવ ચક્રવાત તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ ચક્રવાતો 35º થી 65º અક્ષાંશો (મધ્ય અક્ષાંશો)ના વિસ્તારોમાં બન્ને ગોળાર્ધો પર ઉદ્દભવે છે.
- તેના પવનો પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે અને શિયાળામાં તે વધુ જોવા મળે છે.
- તેનું નિર્માણ બે અલગ ગુણધર્મો ધરાવતા વાયુ સમુચ્ચયના ભેગા થવાથી (અથડાવવાથી) થાય છે.
- આ પૈકી એક વાયુ સમુચ્ચય ગરમ, ભેજવાળી તથા હલકી ઉષ્ણકટિબંધિય હવા ધરાવે છે જ્યારે અન્ય વાયુ સમુચ્ચય ઠંડી, ઘટ્ટ અને ધ્રુવીય હવા ધરાવે છે.
- આ બન્ને વાયુ સમુચ્ચયના કારણે તેમના સંપર્ક ક્ષેત્રમાં ધ્રુવીય વાતાગ્ર (Polar Front) બને છે, જે આ પ્રકારના ચક્રવાતના નિર્માણ માટે જવાબદાર છે.
- ઠંડી હવા ગરમ હવાને ઉપર તરફ ધકેલે છે પરિણામે દબાણ ઓછું થાય છે અને આસપાસની હવા આ ઓછા દબાણના વિસ્તારમાં ખેંચાય છે.
- પૃથ્વીના પરિભ્રમણને કારણે લઘુદબાણ કેન્દ્ર તરફ જતી હવા ભ્રમણ કરે છે, પરિણામે ચક્રવાત ઉદ્દભવે છે.
- નિર્માણ પામ્યા બાદ સમશીતોષ્ણ કટિબંધના ચક્રવાતો પશ્ચિમીયા પવનોની અસર હેઠળ પૂર્વ દિશા તરફ ગતિ કરે છે અને મધ્ય અક્ષાંશોના વિસ્તારોના વાતાવરણની પરિસ્થિતિને અસર કરે છે.
- સમશીતોષ્ણ કટિબંધ ચક્રવાતોના ઉદ્દભવ માટેના મુખ્ય વિસ્તારો નીચે મુજબ છે :

(1) યુ.એસ. તથા કેનેડા (કોલોરાડો, કેનેડામાં પૂર્વીય રોકીઝ, ગ્રેટલેક વિસ્તાર)

(2) મેકિસકોની ખાડી

(3) આઈસલેન્ડથી બેરેન્ટ્સ સમુદ્ર સુધીનો પટ્ટો કે જે રશિયા અને સાયબેરિયા સુધી વિસ્તૃત થાય છે.

(4) બાલ્ટિક સમુદ્ર

(5) ભૂમધ્ય સમુદ્રનો વિસ્તાર કે જે રશિયા તથા ભારત સુધી શિયાળા દરમિયાન વિસ્તૃત થાય છે (જેને ભારતમાં પશ્ચિમી ખલેલો–Western Disturbance તરીકે ઓળખવામાં આવે છે.)

(6) એન્ટાર્કટિક વાતાગ્ર વિસ્તાર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ઉષ્ણકટિબંધિય ચક્રવાત (Tropical Cyclones)

કર્કવૃત્તથી મકરવૃત્તના વિસ્તારો વચ્ચે ઉદ્દભવતા ચક્રવાતોને 'ઉષ્ણકટિબંધિય ચક્રવાત' કહે છે.

- આ ચક્રવાતો સમશીતોષ્ણ કટિબંધીય ચક્રવાતોની જેમ એકરૂપ તથા નિયમિત હોતા નથી. આ ચક્રવાતના વિવિધ નામો નીચે મુજબ છે :

| ક્રમ | નામ | વિસ્તાર |
|---|---|---|
| 1 | ચક્રવાત / સાયક્લોન | હિન્દ મહાસાગર |
| 2 | હરિકેન | એટલાન્ટિક સમુદ્ર |
| 3 | ટાઈફૂન | પશ્ચિમ પેસિફિક તથા દક્ષિણ ચીની સમુદ્ર |
| 4 | વિલી–વિલીઝ | પશ્ચિમી ઓસ્ટ્રેલિયા |

- ઉષ્ણકટિબંધિય ચક્રવાત એ વિશ્વની સૌથી વિનાશક કુદરતી આફતોમાંની એક છે.
- ઉષ્ણકટિબંધિય ચક્રવાતનું નિર્માણ ઉષ્મીય પરિબળોને કારણે થાય છે અને ઉષ્ણકટિબંધના સમુદ્રોમાં નિશ્ચિત ઋતુ દરમિયાન નિર્માણ પામે છે.
- ઉષ્ણકટિબંધિય ચક્રવાતની રચના અને તીવ્રતા માટેની અનુકૂળ પરિસ્થિતિઓ નીચે મુજબ દર્શાવી છે :

1. $27^0$ સે કરતા વધુ તાપમાન સાથે વિશાળ સમુદ્ર સપાટી
2. કોરિઓલિસ બળની હાજરી
3. પવનની ઊભી ગતિમા નાના ફેરફારો
4. નબળો નીચા દબાણનો વિસ્તાર અથવા નીચા સ્તરના ચક્રવાત પરિભ્રમણ જે અગાઉ અસ્તિત્વમાં છે.
5. દરિયાઈ સપાટીની સિસ્ટમથી ઉપરના વિચલનની સિસ્ટમ.
6. ક્ષોભઆવરણમાં ઉપરના તથા નીચેના સ્તરમાં વાયુઓનો વેગનો તફાવત ન્યુનત્તમ રહેવો જરૂરી છે. એકરૂપ પવનોના વિસ્તારોમાં ઉષ્ણકટિબંધિય ચક્રવાતો ઉદ્દભવે છે.

**નોંધ:** (1) જે જગ્યાએ ઉષ્ણકટિબંધિય ચક્રવાત દરિયાકાંઠાને પાર કરે છે તેને ચક્રવાતનો લેન્ડફોલ કહેવામાં આવે છે.

(2) આંખ એ ઉષ્ણકટિબંધિય ચક્રવાતોનું મહત્ત્વનું લક્ષણ છે. ચક્રવાતનો આ કેન્દ્રીય ભાગ છે જ્યાં સ્પષ્ટ આકાશ તથા ઉષ્ણ તાપમાન જોવા મળે છે. અહીં હલકું દબાણ હોય છે.

(3) ચક્રવાતનો સૌથી ભયાનક તથા વિનાશક વિસ્તાર તેની આંખ–દિવાલનો ભાગ છે. અહીં પવન સૌથી મજબૂત હોય છે, વરસાદ તીવ્ર હોય છે અને ગહન–ગાઢ વાદળો જોવા મળે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ઉષ્ણકટિબંધીય અને સમશીતોષ્ણ કટિબંધીય ચક્રવાતો વચ્ચેનો તફાવત

| ઉષ્ણકટિબંધીય ચક્રવાત (Tropical Cyclone) | સમશીતોષ્ણ કટિબંધીય ચક્રવાત (Temperate Cyclone) |
|---|---|
| ⇒ તે સમુદ્રમાં ઉદ્‌ભવે છે. | ⇒ તે સમુદ્ર તથા જમીન એમ બન્ને પર ઉદ્‌ભવી શકે છે. |
| ⇒ પવનની ઝડપ વધુ હોવાથી તે વિનાશક બને છે. | ⇒ પવનની ઝડપ ઓછી હોય છે. |
| ⇒ તે નાના–વિસ્તાર પર બને છે. | ⇒ તે વિસ્તૃત વિસ્તાર પર બને છે. |
| ⇒ તેમાં વાતાગ્રની પ્રણાલી જોવા મળતી નથી. | ⇒ તેમાં એક સ્પષ્ટ વાતાગ્ર પ્રણાલી તથા 2 ભિન્ન વાતાગ્ર (શીત તથા ઉષ્ણ) જોવા મળે છે. |
| ⇒ તે સામાન્ય રીતે $8^0$ થી $20^0$ અક્ષાંશના વિસ્તારમાં રચાય છે. | ⇒ તે સામાન્ય રીતે $30^0$ થી $40^0$ અક્ષાંશના વિસ્તારમાં રચાય છે. |
| ⇒ તે ઉષ્મીય પરિબળના કારણે ઉદ્‌ભવે છે. | ⇒ તે ગતિકીય પરિબળના કારણે ઉદ્‌ભવે છે. |
| ⇒ તે સમુદ્રમાં તાપમાન વધતાં તથા લઘુદબાણ વિકસતા બને છે. | ⇒ તે વાતાગ્રની પ્રતિક્રિયાના કારણે બને છે. |
| ⇒ તે સામાન્ય રીતે પૂર્વથી પશ્ચિમ તરફ ગતિ કરે છે. (ઉત્તર ગોળાર્ધમાં) | ⇒ તે પશ્ચિમથી પૂર્વ તરફ ગતિ કરે છે. |
| ⇒ તેનું હલનચલન ઝડપી હોય છે આથી તેના માર્ગની આગાહી કઠિન છે. | ⇒ તેની આગાહી થઈ શકે છે કારણ કે તેની ગતિ ક્રમાનુસાર હોય છે. |
| ⇒ પવનની ઝડપ 120 kmph થી વધુ હોય છે. | ⇒ પવનની ઝડપ 40-50 kmph જેટલી હોય છે. |
| ⇒ દબાણ 880 mb કે તેથી ઓછું હોય શકે છે. | ⇒ દબાણ 980 mb ની આસપાસ હોય છે. |
| ⇒ જમીન પર પહોંચતા તે નબળું પડે છે. | ⇒ તે જમીન પર પણ મજબૂત હોય છે. |
| ⇒ તે માત્ર કિનારાના વિસ્તારોને જ અસર કરે છે. | ⇒ તે આંતરિક જમીન ભાગને પણ અસર કરી શકે છે. |
| ⇒ તે જમીન પર આવ્યા બાદ ઝડપથી નાશ પામે છે. | ⇒ તેને નાશ પામતાં સમય લાગે છે. |
| ⇒ તે સામાન્ય રીતે ઉનાળા (ઉનાળાના અંત સમયે)માં ઉદ્‌ભવે છે. | ⇒ તે શિયાળામાં ઉદ્‌ભવે છે. |
| ⇒ તેમાં 'આંખ'ની પ્રણાલી હોય છે. | ⇒ આવી કોઈ પ્રણાલી હોતી નથી. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ ઓડિયોવિઝ્યુઅલ દિવસ' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 26 ઓક્ટોબર (B) 27 ઓક્ટોબર (C) 28 ઓક્ટોબર (D) 29 ઓક્ટોબર **(B)**

2. 'પાયદળ દિવસ' અથવા 'Infantray Day' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 26 ઓક્ટોબર (B) 27 ઓક્ટોબર (C) 28 ઓક્ટોબર (D) 29 ઓક્ટોબર **(B)**

3. તાજેતરમાં અરબી સમુદ્રમાં ચક્રવાત 'તેજ' ઉદ્‌ભવ્યું હતું. આ ચક્રવાતનું નામ કોણે આપ્યું છે ?

(A) ભારત (B) બાંગ્લાદેશ (C) મ્યાનમાર (D) થાઈલેન્ડ **(A)**

4. તાજેતરમાં બંગાળની ખાડીમાં ચક્રવાત 'હમૂન' (Hamoon) ઉદ્‌ભવ્યું હતું. આ ચક્રવાતનું નામ કોણે આપ્યું છે ?

(A) ભારત (B) શ્રીલંકા (C) યમન (D) ઈરાન **(D)**

5. ઉષ્ણકટિબંધિય ચક્રવાતની રચના અને તીવ્રતા માટેની અનુકૂળ પરિસ્થિતિઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

1. $27^0$ સે કરતા વધુ તાપમાન સાથે વિશાળ સમુદ્ર સપાટી
2. કોરિઓલિસ બળની હાજરી
3. દરિયાઈ સપાટીની સિસ્ટમથી ઉપરના વિચલનની સિસ્ટમ

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 (D) ઉપરોક્ત તમામ **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 28 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય એનિમેશન દિવસ (International Animation Day)

## ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ (IMC) 2023




27 ઓક્ટોબર, 2023ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના પ્રગતિ મેદાનમાં આવેલ ભારત મંડપમ ખાતે 'ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ (IMC) 2023'ની 7મી આવૃત્તિનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ (IMC) એ 27 થી 29 ઓક્ટોબર, 2023 દરમિયાન યોજાયેલ એશિયાની સૌથી મોટી ટેલિકોમ, મીડિયા અને ટેક્નોલોજી ફોરમ છે.

### IMC 2023ની થીમ

ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ 2023ની થીમ 'ગ્લોબલ ડિજિટલ ઈનોવેશન' છે.

- ગ્લોબલ ડિજિટલ ઈનોવેશન થીમ આધારિત આ ઈવેન્ટ ટેક્નોલોજી ડેવલપર, ઉત્પાદક અને નિકાસકાર તરીકે ભારતની ભૂમિકાને મજબૂત બનાવવાની ઈચ્છા ધરાવે છે.

### IMC 2023ની અન્ય મુખ્ય વિશેષતા

ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ 2023નો હેતુ અગ્રણી અત્યાધુનિક ટેક્નોલોજીના વિકાસકર્તા, ઉત્પાદક અને નિકાસકાર તરીકે ભારતની સ્થિતિ મજબૂત કરવાનો છે.

- IMC 2023 5G ટેક્નોલોજીની સંભવિતતાનો ઉપયોગ કરવા ભારતની જરૂરિયાતોને અનુરૂપ એપ્લિકેશન ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક માંગને સંબોધવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- આ ઈવેન્ટમાં રજૂ કરવામાં આવેલ એક નોંધપાત્ર પહેલ 'એસ્પાયર' સ્ટાર્ટઅપ પ્રોગ્રામ છે.
- આ પ્રોગ્રામનો ઉદ્દેશ સ્ટાર્ટઅપ્સ, રોકાણકારો અને સ્થાપિત વ્યવસાયો વચ્ચે જોડાણને સરળ બનાવવાનો છે.
- ઉદ્યોગ સાહસિકતા અને નવીનતાને પ્રોત્સાહિત કરીને એસ્પાયર ભારતના ટેક્નોલોજી ઈકોસિસ્ટમના વિકાસમાં ફાળો આપે છે.

- આ ઉપરાંત આ ઈવેન્ટનો ઉદ્દેશ્ય 5G ટેક્નોલોજી અપનાવવામાં ભારતને મોખરે રાખવાનો છે. તેમાં શિક્ષણ, કૃષિ, આરોગ્ય સંભાળ, પાવર અને પરિવહન જેવા વિવિધ ક્ષેત્રોમાં નવીનતાને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શૈક્ષણિક સંસ્થાઓને 100 5G યુઝ કેસ લેબ્સ એનાયત કરી હતી.
- 100 5G લેબ્સ પહેલ એ 5G એપ્લિકેશનના વિકાસને પ્રોત્સાહિત કરીને 5G ટેક્નોલોજી સાથે સંકળાયેલી તકોને સાકાર કરવાનો પ્રયાસ કરે છે.

### દેશની પ્રથમ સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ

ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ 2023માં રિલાયન્સ જિયો (Jio)ના ચેરમેન શ્રી આકાશ અંબાણીએ જિયો સ્પેસ ફાઈબર ટેક્નોલોજીને લોન્ચ કરી હતી.

- જિયો દ્વારા લોન્ચ કરાયેલી ઈન્ટરનેટ સેવા સૌપ્રથમ સેટેલાઈટ આધારિત ઈન્ટરનેટ સર્વિસ છે, જેમાં સ્પેસ ફાઈબર ટેક્નોલોજીનો ઉપયોગ કરાયો છે.
- આ ટેક્નોલોજીથી સેટેલાઈટના આધારે દેશના દૂરના વિસ્તારોમાં હાઈસ્પીડ ઈન્ટરનેટ સેવાઓ પૂરી પાડવામાં આવશે.

## પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી

ચૂંટણી પંચ દ્વારા તાજેતરમાં દેશના પાંચ રાજ્યો માટે વિધાનસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

- આ પાંચ રાજ્યો આ મુજબ છે :

  (1) મિઝોરમ, (2) છત્તીસગઢ, (3) મધ્યપ્રદેશ, (4) રાજસ્થાન અને (5) તેલંગાણા
- આ પાંચ રાજ્યોમાં 7 નવેમ્બર થી 30 નવેમ્બર દરમિયાન ચૂંટણી યોજાશે અને 3 ડિસેમ્બરે પરિણામ જાહેર થશે.

### પાંચ રાજ્યોમાં વિધાનસભાની કુલ બેઠકો

| ક્રમ | રાજ્ય | વિધાનસભાની કુલ બેઠક |
|---|---|---|
| 1 | મિઝોરમ | 40 |
| 2 | છત્તીસગઢ | 90 |
| 3 | મધ્યપ્રદેશ | 230 |
| 4 | રાજસ્થાન | 200 |
| 5 | તેલંગાણા | 119 |

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | 'આંતરરાષ્ટ્રીય એનિમેશન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? | | | | |
| | (A) 27 ઓક્ટોબર | (B) 28 ઓક્ટોબર | (C) 29 ઓક્ટોબર | (D) 30 ઓક્ટોબર | (B) |
| 2. | તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ' (IMC)ની કેટલામી આવૃત્તિનું ઉદ્‌ઘાટન કર્યુ હતું ? | | | | |
| | (A) પાંચમી | (B) સાતમી | (C) નવમી | (D) દસમી | (B) |
| 3. | તાજેતરમાં મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. મિઝોરમમાં કુલ કેટલી વિધાનસભાની બેઠકો છે ? | | | | |
| | (A) 40 | (B) 60 | (C) 72 | (D) 80 | (A) |
| 4. | તાજેતરમાં છત્તીસગઢમાં વિધાનસભાની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. છત્તીસગઢમાં કુલ કેટલી વિધાનસભાની બેઠકો છે ? | | | | |
| | (A) 42 | (B) 76 | (C) 86 | (D) 90 | (D) |
| 5. | તાજેતરમાં મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. મધ્યપ્રદેશમાં કુલ કેટલી વિધાનસભાની બેઠકો છે ? | | | | |
| | (A) 119 | (B) 200 | (C) 230 | (D) 192 | (C) |
| 6. | તાજેતરમાં રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. રાજસ્થાનમાં વિધાનસભાની કુલ બેઠકો કેટલી છે ? | | | | |
| | (A) 200 | (B) 222 | (C) 187 | (D) 198 | (A) |
| 7. | તાજેતરમાં તેલંગાણામાં વિધાનસભાની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. તેલંગાણામાં વિધાનસભાની કુલ બેઠકો કેટલી છે ? | | | | |
| | (A) 152 | (B) 119 | (C) 108 | (D) 90 | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાત

➤ **મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને નર્મદાના એકતાનગર ખાતે 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020'ના અમલીકરણ અંગે વેસ્ટર્ન ઝોનના વાઈસ ચાન્સેલર્સની કોન્ફરન્સ**




તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નર્મદા જિલ્લાના એકતાનગર સ્થિત ટેન્ટ સિટી-2 ખાતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ના અમલીકરણ અંગે વાઈસ ચાન્સેલર્સ અને NEP કોઓર્ડિનેટર્સની એક દિવસીય કોન્ફરન્સનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રી અને રાજ્યના મંત્રીઓની ઉપસ્થિતિમાં શિક્ષણ પ્રદર્શનને ખુલ્લુ મૂક્યું હતું. નવી શિક્ષણ નીતિ ભારતને ગ્લોબલ એજ્યુકેશન હબ બનાવવા તેમજ વિકસિત ભારતના નિર્માણમાં મુખ્ય ભૂમિકા નિભાવશે. આ નીતિના અસરકારક અમલીકરણ માટે દેશની સમગ્ર એજ્યુકેશન ઈકોસિસ્ટમને વધુ સુદઢ બનાવવામાં આ કોન્ફરન્સ ખૂબ ઉપયોગી બની રહેશે.

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ હાટ ખાતે 'આદિ મહોત્સવ'ને ખુલ્લો મુક્યો**



અમદાવાદ શહેરના વસ્ત્રાપુર સ્થિત અમદાવાદ હાટ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં 'આદિ મહોત્સવ'ને ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આજે સમુદાયને થયેલો વિકાસ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિનું પરિણામ છે. તેમણે જણાવ્યું કે આદિ મહોત્સવ એ આપણા આદિજાતિ વારસાનું સન્માન અને ગૌરવ કરવાનો અવસર છે. ગુજરાતમાં આયોજિત આ બીજો આદિ મહોત્સવ છે. જે ત્રીજી નવેમ્બર સુધી ચાલનાર છે. જેમાં ગુજરાત સહિત આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન જેવા રાજ્યોના સ્ટોલ્સ પર હસ્તકલા અને આદિજાતિ સમુદાયની કળા અને સંસ્કૃતિને દર્શાવતી વસ્તુઓ મુકવામાં આવી છે. અગાઉ 2018માં 'આદિ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

## ➤ ગુજરાતી બાળ સાહિત્યકાર શ્રી હરીશ નાયકનું નિધન



ગુજરાતી બાળ સાહિત્યકાર શ્રી હરીશ નાયકનું તાજેતરમાં 97 વર્ષની વયે નિધન થયું છે. તેઓ બાળ સામયિક ઝગમગના તંત્રી હતા. 1952થી શરૂઆત કરીને અત્યાર સુધીમાં શ્રી હરીશભાઈએ 2000થી પણ વધારે વાર્તાઓ લખી છે. તેમના કેટલાક મહત્ત્વના પુસ્તકોમાં કચ્ચુ–બચ્ચુ, બુદ્ધિ કોના બાપની, ટાઢનું ઝાડ, અવકાશી ઉલ્કાપાત, મહાસાગરની મહારાણી, લોકલાડીલી લોકકથાઓ, પાંદડે–પાંદડે કથા, ગુલીવર્ષ ટ્રાવેલ્સ અને નારદવાણીનો સમાવેશ થાય છે. તેમના પુસ્તક કચ્ચુ–બચ્ચુનો સાત ભાષાઓમાં અનુવાદ થયેલ છે. આ ઉપરાંત તેઓએ રચીત હર્ક્યુલીસ લેખમાળા પણ ઘણી પ્રખ્યાત થયેલ હતી.

# ભારત

## ➤ ભારત 'ભારત ટેક્સ 2024'ની યજમાની કરશે

એક સ્મારક પહેલમાં ભારતનો કાપડ ઉદ્યોગ, ઉદ્યોગ સંસ્થાઓ સાથે ભાગીદારીમાં 'ભારત ટેક્સ 2024'નું આયોજન કરવા માટે તૈયારી કરી રહ્યું છે, જે વિશ્વની સૌથી મોટી ટેક્સટાઈલ ઈવેન્ટ તરીકે ઓળખવામાં આવે છે. નવી દિલ્હીમાં 26 ફેબ્રુઆરીથી 29 ફેબ્રુઆરી 2024 દરમિયાન સુનિશ્ચિત થયેલ આ મેગા પ્રદર્શન નવીનતા, સહયોગ અને 'મેક ઈન ઈન્ડિયા' સિદ્ધાંતો દ્વારા ચિહ્નિત થયેલ વૈશ્વિક ટેક્સટાઈલ પાવરહાઉસ બનવાની ભારતની મહત્ત્વાકાંક્ષાને દર્શાવે છે. ભારત ટેક્સ 2024 ભારતના 5F વિઝનને અનુરૂપ છે. Farm to Fibre to Factory to Fashion to Foreign. તે વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા માટે ભારતની તૈયારીઓને રેખાંકિત કરે છે. તથા આ પહેલ ટેક્સટાઈલ ઉદ્યોગને 'બ્રાન્ડ ઈન્ડિયા'ને પ્રોત્સાહન આપતી વખતે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત બ્રાન્ડ બનાવવા માટે પ્રોત્સાહિત કરે છે. ભારત ટેક્સ 2024 કાપડની નિકાસને વેગ આપશે અને વૈશ્વિક રોકાણકારો અને ખરીદદારોને આકર્ષશે તેવી અપેક્ષા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ઈન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસનો સ્થાપના દિવસ

ઈન્ડો–તિબેટીયન બોર્ડર પોલીસ (ITBP) એ એક સમર્પિત દળ છે જે તિબેટ(ચીન) સાથેની ભારતની સરહદોની સુરક્ષા માટે જવાબદાર છે. ITBPના સ્થાપના દિવસ (24 ઓક્ટોબર) પર વડાપ્રધાનશ્રીએ દેશની સરહદ સુરક્ષા અને અખંડિતતાના રક્ષણમાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં તેમના અતૂટ નિશ્ચય અને હિંમતની પ્રશંસા કરી હતી. ITBP એ ભારતનું વિશિષ્ટ પર્વતીય દળ છે, જેની સ્થાપના 24 ઓક્ટોબર, 1962ના રોજ કરવામાં આવી હતી. ભારત–ચીન યુદ્ધ પછી તરત જ શરૂઆતમાં ભારત–ચીન સરહદ પર તૈનાત કરવામાં આવી હતી.

➤ **મિલન 2024 અભ્યાસ**

ફેબ્રુઆરી 2024માં વિશાખાપટ્ટનમ્ ખાતે યોજનાર ‘મિલન 2024 અભ્યાસ’ (બહુપક્ષીય નૌસેના અભ્યાસ)નું આયોજન ભારતીય નૌકાદળ દ્વારા કરવામાં આવશે. આ સંદર્ભમાં ઈસ્ટર્ન નેવલ કમાન્ડ (ENC) દ્વારા વીડિયો કોન્ફરન્સ દ્વારા મિડ પ્લાનિંગ કોન્ફરન્સ (MPC)નું આયોજન કરવામાં આવ્યું હતું. MILAN એ ભારતીય નૌકાદળ દ્વારા આંદામાન અને નિકોબાર કમાન્ડ ખાતે 1995માં શરૂ કરાયેલ દ્વિવાર્ષિક બહુપક્ષીય નૌકા કવાયત છે. 1995ની આવૃત્તિમાં માત્ર ચાર દેશો ઈન્ડોનેશિયા, સિંગાપોર, શ્રીલંકા અને થાઈલેન્ડની સહભાગીતા સાથે શરૂ થયેલી આ કવાયતમાં સહભાગીઓની સંખ્યા અને કવાયતની જટિલતાના સંદર્ભમાં ફેરફારો થયા છે. MILAN એક બહુપક્ષીય નૌકા કવાયત મૂળરૂપે ભારતની ‘લુક ઈસ્ટ પોલિસી’ના અનુસંધાનમાં શરૂ કરવામાં આવી હતી, જે ભારત સરકારની ‘એક્ટ ઈસ્ટ પોલિસી’ અને સિક્યોરિટી એન્ડ ગ્રોથ ફોર ઓલ ધ રિજન (SAGAR) પહેલને અનુરૂપ આવનાર વર્ષોમાં વિસ્તર્યુ છે, જેમાં હિંદ મહાસાગર ક્ષેત્રના દરિયાકાંઠાના દેશો અને પશ્ચિમ હિંદ મહાસાગર પ્રદેશનો સમાવેશ થાય છે.

➤ **ભારત અને જાપાન વચ્ચે ચિપ સપ્લાય ચેઈન ભાગીદારી**

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈન ભાગીદારીના વિકાસ પર ભારત અને જાપાન વચ્ચે સહકાર મેમોરેન્ડમ (MOC)ને મંજૂરી આપી છે. સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનમાં ભારત અને જાપાન વચ્ચે સહકાર મેમોરેન્ડમ (MOC) ઔદ્યોગિક અને ડિજિટલ પ્રગતિ તરફ સેમિકન્ડક્ટરના મહત્ત્વને દર્શાવે છે. આ સહકાર મેમોરેન્ડમ પર સૌપ્રથમ જુલાઈમાં ભારતના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય અને જાપાનના અર્થતંત્ર, વેપાર અને ઉદ્યોગ મંત્રાલય વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન સાથે ભારત વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનમાં એક વિશ્વસનીય અગ્રણી તરીકે ઉભરી આવવા માટે તૈયાર છે. માઈક્રોન ટેક્નોલોજી જેવી કંપનીઓ ગુજરાતમાં એસેમ્બલી અને પેકેજિંગ કેન્દ્રો સ્થાપવાનું શરૂ કરીને સ્થાનિક ચિપ ઉત્પાદનને વેગ આપવા માટે ભારતે 10 બિલિયન ડોલરની યોજના શરૂ કરી છે. આ ઉપરાંત ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ સેમિકન્ડક્ટર ચિપ સપ્લાય ચેઈનને મજબૂત કરવા માટે સહયોગ કરી રહ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **RISUG : પ્રતિવર્તી પુરુષ ગર્ભનિરોધક**

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)એ પુરુષ ગર્ભનિરોધક રિવર્સિબલ ઈન્હિબિશન ઓફ સ્પર્મ અંડર ગાઈડન્સ (RISUG) પર સાત વર્ષના અભ્યાસના તારણો બહાર પાડ્યા છે, જેમાં તે સલામત અને અસરકારક હોવાનું જણાયું છે. RISUG એ બિન–હોર્મોનલ ઈન્જેક્ટેબલ ગર્ભનિરોધક છે જે સંપૂર્ણ પ્રતિવર્તીતાની સાથે લાંબાગાળાની ગર્ભાવસ્થા રક્ષણ પૂરું પાડે છે. RISUG સ્ટાઈરીન મૈલિક અનહાડ્રાઈડમાંથી બનાવેલ 'પોલિમર જેલ'ના ઈન્જેક્શન દ્વારા કામ કરે છે. શુક્રવાહિકામાં ડાયમિથાઈલ સલ્ફોક્સાઈડ (DMSO) નામના દ્રાવકનું ઈન્જેક્શન આપીને પરિવર્તિત કરી શકાય છે, જે પોલિમર જેલને ઓગાળીને તેને શરીરમાંથી બહાર કાઢી નાખે છે.

➤ **ભારતીય સેનાની પ્રથમ વર્ટિકલ વિન્ડ ટનલ**



ભારતીય સેનાના વિશેષ દળો અને કોમ્બેટ ફ્રી–ફોસર્લ માટે નોંધપાત્ર વિકાસમાં હિમાચલ પ્રદેશના બાકલોહ ખાતેની સ્પેશિયલ ફોર્સિસ ટ્રેનિંગ સ્કૂલ (SFTS)ને આર્મીની પ્રથમ વર્ટિકલ વિન્ડ ટનલ (VWT) પ્રાપ્ત થઈ છે. આર્મી ચીફ જનરલ મનોજ પાંડેએ આ અત્યાધુનિક પ્રશિક્ષણ સંપત્તિનું ઉદ્‌ઘાટન કર્યું હતું. જે સશસ્ત્ર દળોના જવાનોની કોમ્બેર ફ્રી ફોલ (CFF) કૌશલ્યને વધારવામાં વર્ચ્યુઅલ રીતે એક સીમાચિહ્નરૂપ છે. વર્ટિકલ વિન્ડ ટનલ ફ્રીફોલ સિમ્યુલેટર તરીકે સેવા આપીને ફ્રી–ફોલર્સની લડાઈની કુશળતાને સુધારવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. તે વિવિધ CFF સ્થિતિઓનું અનુકરણ કરીને ચોક્કસ વેગ પર હવાના સ્તંભનું નિર્માણ કરે છે. તે નિયંત્રિત વાતાવરણ પ્રશિક્ષણાર્થીઓને તેમના કૌશલ્યોને પ્રેક્ટિસ કરવા અને વાસ્તવિક જીવનના ફ્રીફોલ દશ્યોની નજીકની નકલ કરતી પરિસ્થિતિઓમાં વધારવાની મંજૂરી આપે છે.

➤ **ડાર્ક પેટર્ન બસ્ટર હેકાથોન 2023**

ભારત સરકારના ગ્રાહક બાબતો વિભાગના IIT(BHU)ના સહયોગથી ડાર્ક પેટર્ન બસ્ટર્સ હેકાથોન–2023 શરૂ કરી છે. હેકાથોનનો ઉદ્દેશ્ય નવીન એપ્સ અથવા સોફ્ટવેર આધારિત સોલ્યુશન્સ જેમ કે બ્રાઉઝર એક્સ્ટેંશન, પ્લગ–ઈન્સ, એડ–ઓન, મોબાઈલ એપ્લિકેશન ડિઝાઈન અને પ્રોટોટાઈપ કરવાનો છે. તે ઈ–કોમર્સ પ્લેટફોર્મ માટે ડાર્ક પેટર્નનો ઉપયોગ, પ્રકાર અને સ્તરને શોધી શકે છે. વિજેતાઓને સિદ્ધિ પ્રમાણપત્રોથી નવાજવામાં આવશે. આ પહેલનો હેતુ ગ્રાહકોને તમામ પ્રકારની અયોગ્ય વેપાર પ્રથાઓથી રક્ષણ આપવાનો છે.

➤ **વિમર્શ 2023**

**સંવેદનશીલ કામગીરી દરમિયાન કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા 5G ટેકનોલોજીનો સુરક્ષિત ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે નવીન સાધનોની ઓળખ કરવાના ધ્યેય સાથે 'વિમર્શ 2023' નામની રાષ્ટ્રીય હેકાથોનનું અનાવરણ કરવામાં આવ્યું છે. બ્યૂરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (BPRD) અને ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરએ હેકાથોનની શરૂઆત કરી હતી, જે પોલીસ દળોની ક્ષમતાઓને વધારવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય નવીન સાધનો વિકસાવવાનો છે અને કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા 5G ટેક્નોલોજીને અસરકારક રીતે સ્વીકારવામાં અને તેનો ઉપયોગ કરવામાં આવતા પડકારો અને સમસ્યાઓનો સામનો કરે છે.**

➤ **રાષ્ટ્રીય ગોકુલ મિશન અને ગીર ગાય**




**રાષ્ટ્રીય ગોકુલ મિશનના લગભગ એક દાયકા પછી આ યોજના હેઠળ પરિકલ્પિત તમામ સ્વદેશી જાતિઓની ગુણવત્તામાં સુધારો કરવાને બદલે તેણે દેશભરમાં માત્ર એક જ સ્વદેશી જાતની ગાય ગીર ગાયને પ્રાધન્ય આપ્યું છે. રાષ્ટ્રીય ગોકુલ મિશન વર્ષ 2014માં શરૂ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં તે વિવિધ સ્વદેશી બોવાઈન જાતો માટે ઉચ્ચ ગુણવત્તાવાળા શુક્રાણુઓનું સંશોધન અને વિકાસ કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું. પરંતુ મિશન મુખ્યત્વે ગીર ગાય પર કેન્દ્રિત હતું, અન્ય જાતિઓ પર વધુ ધ્યાન આપ્યું નથી. ગાયોની ગીર જાતિને પ્રાધન્ય આપવાનું મુખ્ય કારણ દૂધ ઉત્પાદન અને વિવિધ ક્ષેત્રો માટે તેમની યોગ્યતા છે. નોંધનીય છે કે રાષ્ટ્રીય ગોકુલ મિશનનું નોડલ મંત્રાલય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય છે.**

INSTITUTE FOR COMPETITIVE EXAM

## વિશ્વ

➤ **શ્રીલંકાએ પસંદગીના દેશો માટે ફ્રી વિઝા પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો**

**શ્રીલંકાની કેબિનેટે ભારત, ચીન, રશિયા, મલેશિયા, જાપાન, ઈન્ડોનેશિયા અને થાઈલેન્ડના મુલાકાતીઓને મફત વિઝા આપવાની મહત્ત્વપૂર્ણ પહેલને મંજૂરી આપી છે. આ પગલું તાત્કાલિક અસરથી પાયલોટ પ્રોજેક્ટનો એક ભાગ છે અને 31 માર્ચ, 2024 સુધી ચાલશે. આ મહત્ત્વપૂર્ણ પગલાનો હેતુ દેશના પ્રવાસન ઉદ્યોગને પુનર્જીવિત કરવાનો અને મજબૂત આંતરરાષ્ટ્રીય સંબંધોને પ્રોત્સાહન આપવાનો છે.**

➤ **SDG સમિટ 2023**

તાજેતરમાં વૈશ્વિક નેતાઓએ યુનાઈટેડ સ્ટેટ્સના ન્યુયોર્કમાં SDG સમિટ દરમિયાન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG) હાંસલ કરવામાં ધીમી પ્રગતિ અંગે આશંકા વ્યક્ત કરી હતી. SDG સમિટ 2023ની વિશેષતાઓ આ મુજબ છે : વાર્ષિક SDG ફંડિંગ ગેપ જે મહામારી પહેલા 2.5 ટ્રિલિયન અમેરિકન ડોલર હતો, તે હવે વધીને અંદાજિત 4.2 ટ્રિલિયન ડોલર થઈ ગયો છે, જે SDG હાંસલ કરવા માટે પર્યાપ્ત રોકાણોની તાત્કાલિક જરૂરિયાતને રેખાંકિત કરે છે. સહભાગીઓએ 2030 એજન્ડાને હાંસલ કરવા માટે એડિસ અબાબા એકશન એકશન એજન્ડા (AAAA)ના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો, જે ટકાઉ વિકાસ માટે જાહેર અને ખાનગી તમામ નાણાકીય પ્રવાહોના કાર્યક્ષમ ઉપયોગ પર ભાર મૂકે છે. કોન્ફરન્સે સ્વીકાર્યું કે કોવિડ-19 મહામારીએ SDG પર પ્રતિકૂળ અસર કરી છે. સહભાગીઓએ ડિઝાસ્ટર રિસ્ક રિડકશન માટે સેન્ડાઈ ફ્રેમવર્કના સંપૂર્ણ અમલીકરણની ભલામણ કરી હતી. અને આબોહવા પરિવર્તન સામે લડવા માટેના પ્રયત્નોને વધુ તીવ્ર બનાવવાનું વચન આપ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ઈન્ટરકનેક્ટેડ ડિઝાસ્ટર રિસ્કસ રિપોર્ટ 2023**

યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટી–ઈન્સ્ટિટ્યૂટ ફોર એન્વાયરમેન્ટ એન્ડ હ્યુમન સિક્યુરિટી (UNU-EHS) દ્વારા પ્રકાશિત કરાયેલ તાજેતરના અહેવાલના ભારતના ભૂગર્ભજળના ઘટતા સ્તર પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ઈન્ટરકનેક્ટેડ ડિઝાસ્ટર રિસ્કસ રિપોર્ટ 2023 ભૂગર્ભજળના અવક્ષય સહિત છ પર્યાવરણીય ટિપીંગ પોઈન્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને સમગ્ર વિશ્વમાં ભયંકર પરિસ્થિતિને દર્શાવે છે. રિપોર્ટમાં ચિંતાજનક વલણને હાઈલાઈટ કરવામાં આવ્યું છે. વિશ્વના 31 મોટા જળભરમાંથી 27 કુદરતી રીતે ફરી ભરાય છે તેના કરતા ઝડપથી ક્ષીણ થઈ રહ્યા છે. ભૂગર્ભ જળચરોમાં સંગ્રહિત ભૂગર્ભજળ એક મહત્ત્વપૂર્ણ તાજાપાણીનો સ્ત્રોત છે જે બે અબજથી વધુ લોકો માટે પીવાના પાણીના સ્ત્રોત તરીકે સેવા આપે છે, જેમાં 70% ઉપાડ ખેતી તરફ જાય છે. ખાસ કરીને ભારતમાં સ્થિતિ ગંભીર છે. અહેવાલ દર્શાવે છે કે પંજાબ રાજ્યમાં 78% કુવાઓ અતિષય શોષિત માનવામાં આવે છે. તથા સમગ્ર ઉત્તરપ્રદેશને 2025 સુધીમાં ભૂગર્ભજળની ઉપલબ્ધતા ગંભીર રીતે થવાની ધારણા છે.

➤ **14 વર્ષીય વિદ્યાર્થીએ 'America's Top Young Scientist' એવોર્ડ જીત્યો**

એન્નાન્ડેલ, વર્જિનિયાના 14 વર્ષીય નવમા ધોરણના વિદ્યાર્થી હેમન બેકલેએ પ્રતિષ્ઠિત 'America's Top Young Scientist' એવોર્ડ જીતીને અવિશ્વસનીય સિદ્ધિ હાંસલ કરી છે. 3M અને ડિસ્કવરી એજ્યુકેશન દ્વારા પ્રસ્તુત આ પુરસ્કારને દેશની પ્રીમિયર મિડલ સ્કૂલ સાયન્સ સ્પર્ધાઓમાંની એક ગણવામાં આવે છે. તેમની શોધ એ સાબુનો સંયોજન–આધારિત બાર છે. જે ત્વચાના કેન્સરનું એક સ્વરૂપ મેલાનોમાની સારવાર માટે કાળજીપૂર્વક ડિઝાઈન કરવામાં આવ્યું છે.

➤ **નાસાનું રોમન સ્પેસ ટેલિસ્કોપ**

NASA નેન્સી ગ્રેસ રોમન સ્પેસ ટેલિસ્કોપનો ઉપયોગ કરીને આકાશગંગાના ઊંડાણમાં નોંધપાત્ર પ્રવાસ શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. આ અદ્યતન ટેલિસ્કોપ અવકાશના વિશાળ વિસ્તારને સ્કેન કરશે તથા સુક્ષ્મ સંકેતોની શોધ કરશે જે બ્રહ્માંડ વિશેના રહસ્યોને ખોલી શકે અને બ્રહ્માંડ વિશેની આપણી સમજને બદલી શકે. રોમન સ્પેસ ટેલિસ્કોપનું પ્રાથમિક મિશન આપણી આકાશગંગાના અબજો તારાઓનું અવલોકન કરે છે. રોમન ટેલિસ્કોપ ટાઈમ–ડોમેન ખગોળશાસ્ત્રના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિનું પ્રતિનિધિત્વ કરે છે, જે બ્રહ્માંડ કેવી રીતે વિકસિત થાય છે અને સમય સાથે બદલાય છે તેના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.




1. ઉષ્ણકટિબંધીય ડીપ–સી–ન્યુટ્રિનો ટેલિસ્કોપ (ટ્રાઈડેન્ટ), જે તાજેતરમાં ચર્ચામાં હતું. તે કયા દેશ સાથે સંબંધિત છે ?
– ચીન
2. કોટક મહિન્દ્રા બેંકના આગામી CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અશોક વાસવાણી
3. તાજેતરમાં કયો ક્રિકેટર વન–ડેમાં સૌથી ઝડપી 2000 રન બનાવનાર બેટ્સમેન બન્યો છે ? – શ્રી શુભમન ગિલ
4. તાજેતરમાં કયા ભારતીય વ્યક્તિને હાર્વડ લો સ્કૂલ દ્વારા ‘ગ્લોબલ લીડરશીપ માટે એવોર્ડ’થી સન્માનિત કરવામાં આવ્યા છે ? – ભારતના મુખ્ય ન્યાયાધીશ શ્રી ડી.વાય. ચંદ્રચુડ
5. અપતટીય જહાજમાંથી ઈલેક્ટ્રોમેગ્નેટિક રેલગન લોન્ચ કરનાર _____ પ્રથમ દેશ બન્યો છે. – જાપાન
6. IRCTCએ પ્રી–બુક કરેલા ભોજનની ડિલિવરી માટે કોની સાથે ભાગીદારી કરી છે ? – Zomato
7. તાજેતરમાં RBIએ અરૂણાચલ પ્રદેશના _____ માં સબ–ઓફિસનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. – ઈટાનગર
8. HPએ ભારત માટે વરિષ્ઠ ઉપાધ્યક્ષ અને MD તરીકે _____ ની નિમણૂક કરી છે. – ઈપ્સિતા દાસગુપ્તા
9. તાજેતરમાં કયા ભારતીય ફાસ્ટ બોલરને પુમાએ તેના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સામેલ કરવાની જાહેરાત કરી છે ?
– શ્રી મોહમ્મદ શમી
10. તાજેતરમાં શ્રી એસ. જયશંકરે હો. ચી મિન્હ સિટીમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું. તે કયા દેશમાં સ્થિત છે ? – વિયેતનામ
11. તાજેતરમાં _____ ને HUDCOના નવા ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ?
– સંજય કુલશ્રેષ્ઠ
12. તાજેતરમાં આર્થિક બાબતોની કેબિનેટ કમિટીએ કયા સ્થળે 13-ગીગાવોટ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ માટે ગ્રીન એનર્જી કોરિડોર (GEC) ફેઝ–II–ઈન્ટર–સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમને મંજૂરી આપી છે ? – લદ્દાખ
13. વૈશ્વિક પેન્શન ઈન્ડેક્સ 2023માં ભારત કયા ક્રમે છે ? – 45માં
(વૈશ્વિક પેન્શન 2023માં પ્રથમ ક્રમે નેધરલેન્ડ છે...ત્યારબાદ આઈસલેન્ડ અને ડેનમાર્ક આવે છે.)
14. ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશનના બોર્ડમાં તાજેતરમાં કોણ ચૂંટાયું છે ? – ડો. મીનેશ શાહ
15. તાજેતરમાં _____ ઈન્ડિયન એર ફોર્સ (IAF)ની મેડિકલ શાખામાંથી એર માર્શલનો પ્રતિષ્ઠિત રેન્ક હાંસલ કરવા માટે બીજા મહિલા બનીને ઐતિહાસિક સિમાચિહ્ન હાંસલ કર્યુ છે. – એર માર્શલ સાધના એસ નાયર
16. સેન્ટ–બેલેક સ્લેબ જે 4000 વર્ષ જૂનો સ્લેબ છે, જેની શોધ કયા દેશમાં થઈ હતી ? – ફ્રાન્સ
17. તાજેતરમાં કઈ સંસ્થાએ 'High Cost of Cheap Water' રિપોર્ટ બહાર પાડ્યો છે ? – WWF
18. ‘અમૃત કાલ વિઝન 2047’નું તાજેતરમાં અનાવરણ કરવામાં આવ્યું હતું, તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલું છે ?
– દરિયાઈ ઉદ્યોગ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

19. તાજેતરમાં કયા રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ 'પ્રોજેક્ટ નીલગીરી તાહર' શરૂ કર્યો છે ? – તમિલનાડુ
20. ભારતીય સેનાની _____ ટૂકડીએ યુકેના વેલ્સ ખાતે યોજાયેલી '2023 કેમ્બ્રિયન પેટ્રોલ કોમ્પિટિશન'માં ગોલ્ડ મેડલ મેળવ્યો છે, જેને 'ઓલિમ્પિક્સ ઓફ મિલિટરી પેટ્રોલિંગ' તરીકે પણ ઓળખવામાં આવે છે ? – ગોરખા રાઈફલ્સ
21. એવિએશન એનાલિટિક્સ ફર્મ સિરિયમ દ્વારા પ્રકાશિત તાજેતરના અહેવાલ મુજબ _____ એરપોર્ટ વૈશ્વિક ઓન–ટાઈમ પર્ફોર્મન્સ રેન્કિંગમાં ટોચ પર છે. – કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ, બેંગ્લુરુ
22. નાણાકીય વર્ષ 2023-24માં એપ્રિલ–સપ્ટેમ્બર દરમિયાન ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર કયો દેશ છે ? – USA
23. તાજેતરમાં કઈ સંસ્થાએ ભારત નેશનલ સાયબર સિક્યોરિટી એક્સરસાઈઝ (NCX) 2023નું આયોજન કર્યુ હતું ? – રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય
24. તાજેતરમાં કયા દેશે 2023માં ફ્યુચર ઈન્વેસ્ટમેન્ટ ઈનિશિયેટિવ (FII)ની 7મી આવૃત્તિનું આયોજન કર્યુ હતું ? – સાઉદી અરેબિયા
25. Vodafone Idea (VI)એ ભારતમાં ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IOT) ઈકોસિસ્ટમમાં માનકીકરણ અને આતંરસંચાલન ક્ષમતાને પ્રોત્સાહિત કરવાના હેતુથી પ્રયોગશાળાની સ્થાપના કરવા માટે _____ સાથે ભાગીદારી કરી છે. – સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટિક્સ (C-DOT)
26. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'અનુભવ પોર્ટલ' કયા કેન્દ્રીય મંત્રાલય સાથે સંકળાયેલું છે ? – કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય
27. તાજેતરમાં કયા રાજ્યએ 'મિશન મહિલા સારથી'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું ? – ઉત્તરપ્રદેશ
(આ યોજના હેઠળ રાજ્ય પરિવહન નિગમની 51 બસો મહિલા ડ્રાઈવર અને કંડક્ટર દ્વારા ચલાવવામાં આવશે. શ્રી યોગી આદિત્યનાથે અયોધ્યામાં તેનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.)
28. 'પેઈન્ટબ્રશ સ્વિફ્ટ' કઈ દુર્લભ પ્રજાતિનું નામ છે ? – પતંગિયુ
(તાજેતરમાં તે હિમાચલ પ્રદેશમાં જોવા મળ્યું હતું, નોંધનીય છે કે હિમાચલ પ્રદેશ આશરે 430 પતંગિયાની પ્રજાતિનું ઘર છે.)
29. ISB પ્રોફેસર _____ ને WHO દ્વારા તેના ટીબી સલાહકાર જૂથમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. – સારંગદેવ
30. 'વર્લ્ડ હેલ્થ સમિટ 2023'નું યજમાન કયું શહેર છે ? – બર્લિન
31. તાજેતરમાં કઈ સંસ્થાએ 'ધ ઈમ્પેક્ટ ઓફ ડિઝાસ્ટર ઓન એગ્રીકલ્ચર એન્ડ ફૂડ સિક્યુરિટી' નામનો અહેવાલ બહાર પાડ્યો છે ? – FAO

INSTITUTE FOR COMPETITIVE EXAMS

32. ડેનિયલ નોબોઆ કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ? – ઈક્વાડોર

33. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'વિઝિંજમ બંદર' કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – કેરળ

(ચીનના શાંઘાઈ બંદરેથી ઉપડેલુ જહાજ 'ઝેન હુઆ 15' કેરળના વિઝિંજમ બંદરે પહોંચ્યું હતું. તે નિર્માણધીન બંદર પર બર્થ કરનાર પ્રથમ જહાજ બન્યું છે.)

34. તાજેતરમાં કયા દેશે ઓપરેશન આયર્ન સ્વોર્ડ્સ શરૂ કર્યુ હતું ? – ઈઝરાયેલ

35. ઝડપી, સસ્તું બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સેવા પ્રદાન કરવા માટે **Project Kuiper** કઈ કંપનીનો છે ? – **Amazon**

36. કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે કયા રાજ્યએ 'મોબાઈલ વેન પ્રોગ્રામ' શરૂ કર્યો છે ? – હિમાચલ પ્રદેશ

37. **NGT**એ કયા રાજ્યના જળ સંસ્થાઓ પર ચાલતા ક્રુઝ જહાજો પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો છે ?– મધ્યપ્રદેશ

38. **DACA** પ્રોગ્રામ કયા દેશ સાથે સંકળાયેલ છે ? – **USA**

39. કયા રાજ્યના મુખ્યમંત્રીને લી કુઆન યૂ એક્સચેન્જ ફેલોશિપ એનાયત કરવામાં આવી છે ? – આસામ

40. કયા રાજ્યના મુખ્યમંત્રીએ શ્રમિક કલ્યાણ યોજનાની જાહેરાત કરી હતી ? – અરૂણાચલ પ્રદેશ

41. તાજેતરમાં કયા દેશે દેશમાં પ્રવેશતી તમામ રશિયન–રજિસ્ટર્ડ પેસેન્જર કાર પર યુરોપિયન યુનિયન (EU) પ્રતિબંધ લાગુ કર્યો છે ? – પોલેન્ડ

42. કઈ બેંકે ગ્રાહકને સીમલેસ મુસાફરીના અનુભવની સુવિધા આપવા માટે 'નેશન ફર્સ્ટ ટ્રાન્ઝિટ કાર્ડ' લોન્ચ કર્યુ છે ? – **SBI**

43. **S & P Global**ના જણાવ્યા અનુસાર _____ વર્ષ સુધીમાં ભારતીય અર્થતંત્ર જાપાન કરતા આગળ હશે.– **2030**

44. _____ ના વૈજ્ઞાનિકોએ 'કેલિક્સકોકા' નામની રસીના સ્વરૂપમાં કોકેન અને કેક વ્યસન માટે એક રસી વિકસાવી છે. – બ્રાઝિલ

45. તાજેતરના અહેવાલ મુજબ કયું શહેર કાચબા/સખત કાચબાની હેરફેરના સૌથી વધુ કેન્દ્રિય નોડ તરીકે ઉભરી આવ્યું છે ? – ચેન્નાઈ

46. **2023** વર્ષ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં મહિલા સિંગલ્સ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ કોણે જીત્યો હતો ? – અન સે યંગ

47. ભારતના કયા રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ તાજેતરમાં નવ પ્રતિષ્ઠિત અવકાશ વૈજ્ઞાનિકો માટે રૂ.**25** લાખના રોકડ પુરસ્કારો અને અનુસ્નાતક ઈજનેરી વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ કાર્યક્રમની યોજનારી જાહેરાત કરી હતી ? – તમિલનાડુ

48. તાજેતરમાં કેનેડા ઈન્ડિયા ફાઉન્ડેશન (CIF) તરફથી ગ્લોબલ ઈન્ડિયન એવોર્ડ મેળવનાર પ્રથમ મહિલા કોણ બન્યા છે ? – સુશ્રી સુધા મૂર્તિ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

49. વર્ષ 2023માં માલદીવની રાષ્ટ્રપતિની ચૂંટણી કોણે જીતી છે ? – શ્રી મોહમ્મદ મુઈઝ્ઝુ
50. ICC ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમના માર્ગદર્શક તરીકે કોની નિમણૂક કરવામાં આવી હતી ? – શ્રી અજય જાડેજા
51. તાજેતરમાં કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશને તેની પશ્મિના હસ્તકલા માટે GI ટેગ મળ્યો છે ? – જમ્મુ અને કાશ્મીર
52. 'સ્તન કેન્સર જાગૃતિ મહિનો' કયા મહિનામાં ઉજવવામાં આવે છે ? – ઓક્ટોબર
53. તાજેતરમાં RBIના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી હતી ? – મુનીશ કપુર
54. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિકલાંગ વ્યક્તિઓ માટે દેશના પ્રથમ ઉચ્ચ તકનીકી રમત પ્રશિક્ષણ કેન્દ્રનું ઉદ્‌ઘાટન કયાં કરવામાં આવ્યું હતું ? – ગ્વાલિયર
55. રૂપપુર ન્યુક્લિયર પાવર પ્લાન્ટ માટે કયા દેશે બાંગ્લાદેશને યુરેનિયમની પ્રારંભિક શિપમેન્ટ પહોંચાડી છે ? – રશિયા
56. Jiomartના બ્રાન્ડ એમ્બેસેડર કોણ છે ? – શ્રી એમ.એસ. ધોની
57. આબોહવા પરિવર્તન સંશોધન માટે ડચ સ્પિનોઝા પુરસ્કાર મેળવનાર ભારતીય મૂળના પ્રોફેસર કોણ છે ? – ડો. જોયિતા ગુપ્તા
58. 49મી ઓલ ઈન્ડિયા પોલીસ સાયન્સ કોંગ્રેસ કયાં યોજાઈ હતી ? – દેહરાદૂન
59. ભારતમાં ઓલિમ્પિક મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે કઈ સંસ્થાએ IOC સાથે ભાગીદારી કરી છે ? – રિલાયન્સ ફાઉન્ડેશન
60. ભારતના કયા રાજ્યએ ગંગા ડોલ્ફિનને તેનું જળચર પ્રાણી જાહેર કર્યું છે ? – ઉત્તરપ્રદેશ
61. કઈ કંપનીએ વર્ષ 2022-23 માટે 'બેસ્ટ ઈનોવેશન ઈન રિફાઈનરી' એવોર્ડ જીત્યો છે ? – મેંગ્લોર રિફાઈનરી એન્ડ પેટ્રોકેમિકલ્સ લિમિટેડ (MRPL)
62. ગ્લોબલ રિમોટ વર્ક ઈન્ડેક્સમાં 108 દેશોમાં ભારતનો રેન્કિંગ શું છે ? – 64
63. કતાર માસ્ટર્સમાં વિશ્વના નંબર વન ચેસ ખેલાડી શ્રી મેગ્નસ કાર્લસનને કોણે હરાવ્યો હતો ? – કાર્તિકેયન મુરલી
64. 2023 સાખારોવ પુરસ્કાર (મરણોત્તર) કોને એનાયત કરવામાં આવ્યો હતો ? – જીના મહસા
65. ભારતમાં ઓનલાઈન નાણાકીય છેતરપિંડી સામે લડવા માટે કંપનીએ DigiKavach પ્રોગ્રામ રજૂ કર્યો છે ? – Google
66. આબુધાબી માસ્ટર્સ 2023માં વિમેન્સ સિંગલ્સ સ્પર્ધા કોણે જીતી છે ? – ઉન્નતિ હુડા


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 50% BIG DISCOUNT

ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here





Click Here




Click Here




Click Here





Click Here





Click Here




Click Here




Click Here





Click Here

આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )

# 50% BIG DISCOUNT

ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here




Click Here





Click Here





Click Here




Click Here





Click Here




Click Here




Click Here





Click Here

**આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )**

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 50%
# BIG DISCOUNT

**GPSC 1 & 2, Dy.SO, STI, TDO, PSI-કોન્સ્ટેબલ, વનરક્ષક, VMC, CCE,એકાઉન્ટન્ટ, સબ એકાઉન્ટન્ટ, સબ ઓડિટર, S.T.-કંડક્ટર, ડ્રાઈવર, મિકેનિક, કલાર્ક તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી**




**જનરલ નોલેજના તમામ વિષયોની તૈયારી માત્ર એક પુસ્તકમાં**

~~₹650/-~~

માત્ર
**₹325/-**

Click Here

**30+ વિષયો**

આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ-જેલ સિપાહી, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી એપ્લિકેશન

# સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

FREE

- E-Books
- Daily Weekly & Final Mock Test
- LECTURE PDF
- READING SCHEDULE

HIGH SCORING STRATEGY




LIVE + RECORDED BATCH

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

## સ્પર્ધાત્મક પરીક્ષાની સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અમારી સાથે જોડાયેલા રહો

YOUTUBE ICE RAJKOT

TELEGRAM t.me/icerajkotofficial

WHATSAPP GROUP www.joinicerajkot.com

FACEBOOK ICE RAJKOT

INSTAGRAM ICE RAJKOT

TWITTER ICE RAJKOT

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT